


# અધ્યાત્મ

અંક : ૮

## * ઈશ્વર જ વિશ્વગુરુ છે *

જીવનમાં આગળ વધવાની ઈચ્છા હોય, પણ તે માટે માર્ગદર્શક મળવાનું કામ કપરું છે. છતાં માણસ પ્રામાણિક હોય તો તેને માર્ગ મળી રહે છે. વાલ્મીકિ ને વ્યાસ, તુલસી ને કબીર તથા વિવેકાનંદ ને અરવિંદ જેવા મહાપુરુષો પોતાની પાછળ અનુભવ ને વિચારોનો જે અમૂલ્ય વારસો મૂકી ગયા છે, તે કોઈનેય પ્રેરણા આપવા ને કોઈનાય જીવનમાં પ્રકાશ પાથરવા પૂરતો છે. માનવકુળમાં જે ઉત્તમોત્તમ હિત-ચિંતકો ને સદ્‌ગુરુઓ થઈ ગયા છે તે એ અક્ષરદેહના રૂપમાં આજે પણ અસ્તિત્વ ધરાવી રહ્યા છે, ને અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં ને જડતામાંથી જીવનમાં જવા માગતા જીવોને ધન્ય કરવાની શક્તિ ધરાવે છે. તે ઉપરાંત, સૃષ્ટિના નિયંતા કે સૂત્રધાર ઈશ્વર જેવો વિશ્વગુરુ બીજો કોણ છે?

યોગેશ્વરજી

RNI No. 26/267/99 R–II

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૩૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમૃતપળોનો આસ્વાદ | ગોરધનભાઈ કલોલા (કલ્યાણ) | ૧૨ |
| શ્રદ્ધાંજલિ | તંત્રી | ૧૯ |
| પ્રેરક પ્રસંગો | પરમાર્થી | ૨૧ |
| શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | યશસ્વીભાઈ ય. મહેતા | ૨૫ |
| મહાત્મા યોગેશ્વર સેવાન્યાસ મસૂરી | રતનલાલજી, મસૂરી | ૩૧ |
| અભિલાષ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૫ |
| પ્રાર્થના | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૩૬ |
| અંગ્રેજી કાવ્યકૃતિ અને તેનો અનુવાદ | રક્ષિતા મ. જોષી | ૩૭ |
| આરોગ્ય સોપાન | હરીશભાઈ મગનલાલ કોન્ટ્રાક્ટર | ૪૨ |
| સાવધાન, પાનખર આવશે જ | તંત્રી | ૪૬ |
| શ્યામદાસ સુથાર | સ્વ. પ્રા. રમેશભાઈ પરીખ | ૪૮ |
| ખૂલ્યો ખજાને પરમાત્માનો–૭ | ડૉ. બી. જે. જાગાણી | ૫૮ |
| રામકથા | યોગેશ્વર | ૬૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ જૂન–૧૯૯૯ અંક : ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૪–૭–૮૧, મંગળવાર, અષાઢ સુદ તેરસ, ૨૦૩૭,**

**સ્થળ : અમદાવાદ.**

આજે તો સવારે પૂ. શ્રીનો રેડિયો વાર્તાલાપ 'બ્રાહ્મીસ્થિતિ' ઉપર અમદાવાદ કેન્દ્ર પરથી આવ્યો. તે સાંભળવાનું સત્કર્મ સવારે થયું. નિયમ મુજબ બધાં જ કાર્યો શરૂ થયાં.

૮ વાગ્યે પૂ. શ્રીએ દૂધ લઈ લીધું. દૂધ સાથે પૂ. શ્રી કેસરી-જીવન, વિટામીનની ૧ ટીકડી નિયમિત લે છે. દૂધ પીધા પછી માળા કરી લીધી જેથી લેખનકાર્ય શરૂ થયું. સાડા દસ સુધી એ પ્રવૃત્તિ ચાલી. ત્યારબાદ થોડો આરામ કર્યો. આરામ કરતાં કરતાં જપ ચાલુ થયા.

બરાબર ૧૧–૩૦ મિનિટે દ્વાર ખૂલ્યું. આજે મગભાતનું

ભોજન પૂ. શ્રીએ લીધું. ભોજનબાદ મુલાકાત શરૂ થઈ. આજે મુલાકાતમાં ખાસ નોંધયોગ્ય વાતો ન થઈ.

શિબિરના ખર્ચની તથા ત્યાગપંથે પૈસાની જરૂર પડે કે નહીં એ અંગે થોડી વાતો થઈ.

મુલાકાત બાદ પૂ. શ્રીએ પેપર ઉપર નજર નાંખી. આજે 'સ્ત્રી'નામના સામાહિકમાં સર્વેશ્વરી ઉપર શ્રી ઈશ્વર પેટલીકરે લેખ લખ્યો છે, તે પણ પૂ. શ્રીએ વાંચ્યો. ત્યારબાદ આરામ કર્યો.

આરામબાદ લેખનકાર્ય કર્યા પછી રૂમમાં થોડી મિનિટો આંટા માર્યા. આજે પૂ. શ્રીના જૂના પરિચિત શ્રી નરેન્દ્રભાઈ પૂ. શ્રી પાસે અંગત પ્રશ્નોમાં સલાહ લેવા આવે છે. પૂ. શ્રી તેમની સાથે ૧૫–૨૦ મિનિટ ગાળે છે. ત્યારબાદ મુલાકાત શરૂ થાય છે.

આજે પણ શ્રી ઈશ્વર પેટલીકર, શ્રી વાસુદેવભાઈ પંડિત વિગેરે પ્રખર બુદ્ધિવાદીઓ આવ્યા છે. એટલે આજે પણ સત્સંગ-માં આનંદ આવશે એવું લાગે છે.

શ્રી પેટલીકરે સર્વેશ્વરી વિષે 'સ્ત્રી'માં પોતાની રીતે લેખ લખ્યો છે. એટલે પૂ. શ્રી તેમને અભિનંદન આપતાં કહે છેઃ–મધુકરની પેઠે આપ જનતાની સેવા સારી કરો છો.

**શ્રી પેટલીકર** : એ તો મારું કર્તવ્ય છે. ઉદ્યોગ ક્ષેત્રે શ્રી સરયુબેન પણ ખૂબ સરસ કાર્ય કરે છે.

**પૂ. શ્રી** : એ સાથે સંસ્કારોનું ક્ષેત્ર પણ મહત્ત્વનું છે. કોના કયા સંસ્કારો કેવાં કામ કરે તે જાણવા જેવું છે.

(એમ કહી વોરા કંપનીમાં ખોવાયેલી જીવન વિકાસના સોપાન પુસ્તકની હસ્તપ્રત કઈ જગ્યાએ છે તે કહી બતાવનાર



એક સામાન્ય ચોકીદારની વાત કરી. તે જ ચોકીદારે અધ્યાત્મમાં મા સર્વેશ્વરીનો ફોટો જોઈને કહ્યું આ તો સિદ્ધકોટિનાં આત્મા છે.)

આજે શ્રદ્ધાની વાત નીકળતાં પૂ. શ્રીએ સુરતના સ્વ. મગન-લાલ કોન્ટ્રાક્ટરની ફૂલ લેવા પાછળની શ્રદ્ધા ને રાહતની વાતો કરી. વળી ભાઈલાલભાઈના એપેન્ડીક્સના દુઃખાવાના પ્રસંગની વાતો કરી, અને કહ્યું–

ઘણા મને પૂછે છે કે તમારામાં આવી શક્તિ છે? હું કહું છું કે મારામાં ભલે ન હોય, પણ મેં જેનું શરણ લીધું છે તે શેઠ ખૂબ શક્તિશાળી છે.

આપણે આપેલા ફૂલથી કોઈનું બ્લડપ્રેસર ઓછું થઈ જતું હોય તો ફૂલો તો ઘણાં અહીં મૂકે છે. તો આપણે તો તેમાંથી એક આપવાનું જ ને!

વળી પાછો વાતનો વિષય બદલાય છે. શ્રી વાસુદેવભાઈ મહેતા આજે પણ એ જ વાતો કહેવા લાગ્યા કે અમારે કૈલાસ માનસરોવરની સૂક્ષ્મયાત્રા કરવી છે. તમારા જેવા ભોમિયા સાથે જોઈએ.

**પૂ. શ્રી** : પ્રભુ સૌના ભોમિયા છે જ. શાંતિથી બેસો તો અંદરથી જ જવાબ મળે છે. ધ્યાન કરવાનું છે. તેમાં ભોમિયાની ખાસ જરૂર નથી. મન એકાગ્ર નથી થતું તો મુશ્કેલી લાગે, પણ એવું તો થોડો સમય ચાલશે જ. એમ માનીને પણ ધ્યાનમાં નિયમિત બેસો જ.

ધ્યાનમાંથી જાગ્યા પછી પણ બ્રહ્માકારવૃત્તિ એટલે કે રાગ, દ્વેષ, ભય, મમત્વ વગરની વૃત્તિ આપણી સતત રહે તે જરા અઘરું ગણાય. પણ તમે ૨૪ કલાક તમારી જાતનું નિરીક્ષણ કરો

તો સમજાશે કે ૨૪ કલાકના મોટાભાગનો સમય તમે નિર્વિકાર જ છો. કોઇ સંગ મળે, પ્રસંગ મળે તો જ કામ, ક્રોધ વિગેરે પાંગરે છે. કોઇને મળો કે વાતો કરો તો ઉત્તેજના વધે છે. તો તે સ્થિતિ આપણી કૃત્રિમ છે. પણ જે પહેલાંની અવસ્થા છે તે સહજ અવસ્થા જ છે. એટલે સહજ અવસ્થા મેળવતાં વાર લાગતી નથી.

**શ્રી વાસુદેવભાઇ :** પણ અમારા સંસ્કારો એવા જડ છે કે તે બધું સહજ થતું નથી.

**પૂ. શ્રી :** અરે ! હવે તો વિજ્ઞાન એટલું બધું આગળ વધી ગયું છે કે ગમે તેવી કાળી શાહી પણ સાફ કરી નાંખે છે. ગમે તેવા ડાઘા પણ કપડાં પરના કાઢી નાંખે છે.

હવે તો તમે જલદીથી એ સાધના કરી શકો. કારણ તમે થોડી જીંદગીને માણી લીધી. જીવન જોઇ લીધું. એટલે એમાંથી રસવૃત્તિ ઓછી થઇ જશે.

એટલે હવે સાધનાનું સમયપત્રક બનાવી દો.

ત્યાં વળી શ્રી બાબુભાઇએ પૂ. શ્રીના પ્રેસમાં રહેલા પુસ્તકોની વાત કાઢી. 'કળીમાંથી ફૂલ' એ પુસ્તકમાં શું છે તે અંગે પૂ. શ્રીએ વાતો કરતાં સ્વામી પ્રેમરૂપાનંદની વિસ્તૃત વાતો કરી. વળી સ્વામી સોહાનંદની વાત પણ કરી.

સૌ શાંત થઇ ગયા. કોઇ કશો જ પ્રશ્ન પૂછતાં નથી. જેથી પૂ. શ્રીએ સર્વેશ્વરીને એક ભજન ગાવાનું કહ્યું. એ ભજન સર્વેશ્વરીએ ગવડાવ્યું. ભજન પૂરું થતાં—

**પૂ. શ્રી :** સૃષ્ટિમાં બે જ શોભે—પ્રકૃતિ ને પુરુષ. એટલે ભજન પણ બે જ ગમે. એક નહીં.



જેથી સર્વેશ્વરીએ બીજું ભજન ગવડાવ્યું.

"મને મળી ગયા દેવના દેવ હરિ," જેનો રાગ "કુછ લેના ન દેના મગન રહેના" જેવો હતો. તેથી પૂ. શ્રીએ કબીરનું 'કુછ લેના ન દેના મગન રહેના' ભજન પણ ગવડાવ્યું.

ભજનો બાદ ૧૦ મિનિટ પૂ. શ્રીએ ધ્યાનમાં બેસવાની સૌને સૂચના આપી. સૌ ધ્યાનમાં બેઠા. સમય થતાં શાંતિમંત્રથી પૂર્ણાહુતિ થઇ. સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ ખીચડીનું ભોજન લીધું. ભોજનબાદ થોડું લેખન ફાનસના પ્રકાશે કર્યું. વળી 'સ્ત્રી'નો અંક ફરી વાંચ્યો. અને એક ધાર્મિક સંસ્થાની પત્રિકા વાંચી.

પૂ. શ્રીએ પછી વાતો કરતાં કહ્યું, 'બધા સામાન્ય સંતો હોય છે તેમનામાં કોઇ ખાસ વિશેષતા હોતી નથી છતાં મોટા મોટા દેશ–પરદેશમાં આશ્રમ ઊભા થઇ જાય છે. નવાઈ લાગે છે. જ્યારે આપણે આટલી સાધના કરી, પવિત્ર જીવન જીવ્યા છતાં એક નાનકડો ફ્લેટ પણ સહેલાઈથી મળી શકતો નથી.

**સર્વેશ્વરી :** પણ આપની વૃત્તિ કોઇ પાસે લેવાની કે માંગવાની જ ન હતી. ને આજે પણ નથી એટલે એવું જ ચાલે ને !

**પૂ. શ્રી :** હા. એ તો ખરું જ છે. મને માંગવું ને મરવું બરાબર લાગે. પહેલેથી જ એવું છે, નહીં તો જમીન આપનારા પણ હતાં, પણ ન લીધી.

પાછો એમ પણ વિચાર આવે કે કેટલાકને યશ યોગ હોય એટલે બધું સ્વાભાવિકતાથી મળ્યા કરે. મારે પહેલેથી જ એ યોગ ઓછો છે.

વળી જુઓને, નરસિંહ, મીરાં કે સ્વામી રામતીર્થ કે મહાન

ત્રૈલંગસ્વામી, સંત જ્ઞાનેશ્વર કે તુકારામ. એમના કયાં એવા આશ્રમો ને સ્થાનો આજે પણ છે? છતાં તેઓ તે જમાનાના મહાન સંતો હતા ને!

આશ્રમ ન થાય તોપણ શું? પ્રભુની કૃપા છે. જીવન સારી રીતે ચાલે છે. ઉલ્ટા બે પૈસા વધે પણ છે. એટલે શાંતિ છે.

(પૂ. શ્રી હવે પોતાને પ્રવચનો ન હોય ત્યારે રહેવા માટે શાંતિવાળું એક નાનકડું સ્થાન થાય એવું ઇચ્છે છે. પણ જગદંબાની ઇચ્છા હશે ત્યારે થશે, એવો એમને વિશ્વાસ છે. છતાં કોઇકવાર આવા વિચારો પણ પૂ. શ્રીને આવી જાય છે.)

વાતચીત બાદ પ્રાર્થના કરી. ત્યારબાદ આરામ. હરિઃ ૐ.

**તા. ૧૫-૭-૮૧, બુધવાર, અષાઢ સુદ ચૌદસ, ૨૦૩૭,**
**સ્થળ : અમદાવાદથી વિદાય**

આજે સવારે પૂ. શ્રી પોતાના નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇ પોતે લખેલા રફ લેખ અને કાવ્યના કાગળોનો નિકાલ કરે છે. આજે નમો અરિહન્તાણમ્ પર એક લેખ લખે છે.

સર્વેશ્વરી એની પોતાની રૂમમાં પ્રાર્થના કરતાં બેઠાં છે. પૂ. શ્રી ત્યાં આવીને કહેવા લાગ્યા:-

હવે હું રામાયણ લેખન કરવા બેસુ છું. અત્યારસુધી લેખ લખ્યો ને જગદંબાને પૂછ્યું : તો જગદંબા કહે છે કે, ચાલો અમેરિકા જઇશું જ. ભાવનગર, મસૂરી નથી જવું. મને આજે સવારથી એમ વિચાર આવ્યા કરતો હતો કે અમેરિકા જઇને શું કરવું છે? પણ જેમ આબુ જવાની ઇચ્છા ન હતી ને જગદંબાએ કહ્યું ને આબુ જઇ આવ્યા. તેમ જગદંબાની ઇચ્છા છે એટલે અમેરિકા જવું જ પડશે. ચાલો, જઇ આવીએ કેમ!



સર્વેશ્વરી પૂ. શ્રીની વાતો શાંતિથી સાંભળે છે. પૂ. શ્રીએ કહ્યું, 'હું એ જ કહેવા આવ્યો હતો.' એમ કહી પૂ. શ્રી પાછા પોતાના રૂમમાં જઇ લેખનકાર્યમાં મગ્ન બની જાય છે.

અગિયાર વાગ્યા સુધી એ ક્રમ ચાલ્યો. ત્યાં દ્વાર સમયસર સાડા અગિયારે ખુલ્લાં મૂકાય છે. ભોજન લઇ લેવાનું બને છે.

ભોજન બાદ આજે અમદાવાદવાળા સત્સંગીઓ આવી જાય છે. ગુરુપૂર્ણિમા પરમ દિવસે છે જેથી અમદાવાદીઓ આજે પૂ. શ્રીને ગુરુપૂર્ણિમા નિમિત્તે મળી રહ્યા છે. ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂ. શ્રી માટે આરતી ફૂલહાર તૈયાર થઇ ગયા છે. સૌ આવીને બેઠા છે.

પૂ. શ્રીએ 'ઉત્તરની યાત્રા' અને 'સરળગીતા' શ્રી નરેન્દ્રભાઇને અને અમીતને પુસ્તકો સોંપી દીધાં ને કહ્યું:-

આ બધાં પુસ્તકો અમે સાથે લઇને ફરીએ તો કેટલો બધો ભાર વધી જાય? એના કરતાં જેનું જેનું જે છે તે તેને સોંપી દઇએ.

અને એ જ રીતે જ્યારે પણ જવાનું થાય ત્યારે આ રીતે સંપેતરાં સોંપતા જઇએ, તો કેવું સારું! વસ્તુ, છોકરા-છોકરીઓની ભાળવણી કરતાં જઇએ.

આટલી વાતચીત બાદ પૂ. શ્રીનું ચંદન, તિલક, આરતી, ફૂલહાર વગેરેથી અભિવાદન કરી પૂજન કરવામાં આવે છે. સૌ તિલક, ફૂલહાર કરે છે. કોઇ કોઇ મીઠાઇ, ફળ, પૈસાની ભેટ ધરે છે. પૂ. શ્રી શાંતિથી એ બધું સ્વીકારે છે.

પૂ. શ્રીના પૂજન સમયે ગુરુની સ્તુતિ સમૂહમાં બોલવામાં આવે છે. ત્યારબાદ પૂ. શ્રીએ નાનકડી વાત કરતાં કહ્યું:-ગુરુપૂર્ણિમા એમ તો વ્યાસપૂર્ણિમા જ કહેવાતી. વ્યાસની પૂજા શરૂ

થઇ. પછી વળી ગુરુની પૂજા શરૂ થઇ. ગામમાં જે કથા કરનાર હોય તેની પૂજા શરૂ થઇ. મહર્ષિ વ્યાસ, કૃષ્ણની સેવા–પૂજાની સાથે સાથે જીવનમાં પૂર્ણિમા પ્રગટાવવાની છે, જીવનમાં જ્ઞાનની પૂનમ, પ્રેમની પૂનમ, પવિત્રતાની પૂનમ, સદાચારની પૂનમ પ્રગટે તે માટે પ્રાર્થના કરવી. તે માટે સંકલ્પ કરવા. પરિપૂર્ણ પરમાત્મા પાસે પહોંચવાના પ્રયત્નો કરવા, જેમાં સંતોના આશીર્વાદ મેળવો.

પૂ. શ્રીનો નાનકડો ઉપદેશાત્મક વાર્તાલાપ સૌ શાંતચિત્તે સાંભળે છે. ત્યારબાદ સૌ પ્રણામ કરી વિદાય થાય છે.

પૂ. શ્રી ત્રણ વાગ્યે અમદાવાદથી વિદાય થાય છે. વડોદરાથી પૂ. શ્રીને લેવા ગાડી આવી હોવાથી તે ગાડીમાં જ પૂ. શ્રી વડોદરા આવવા નીકળે છે.

પૂ. શ્રી મણિનગર લગભગ ૧ કલાક રોકાય છે. પૂ. શ્રીનો સામાન મણિનગર એમના બેનને ત્યાં જ રહે છે. જેમાંથી પરદેશ જવાની પેટી ને હેન્ડબેગ સાથે લેવામાં આવે છે. પૂ. શ્રીનાં બેનને ઓપરેશન કરાવ્યું છે. જેથી પૂ. શ્રી તેમની સાથે જ વધારે સમય બેસે છે.

મણિનગરથી પાંચ વાગ્યે વિદાય થઇએ છીએ. માર્ગમાં ખૂબ વરસાદ વરસે છે. છતાં સમયસર આઠ વાગ્યે વડોદરા આવી જવાનું બને છે. માર્ગમાં ખાસ કશી નોંધ કરવાયોગ્ય વાતો થતી નથી. પૂ. શ્રી માર્ગમાં ગીતાનો પાઠ કરી લે છે. તો સર્વેશ્વરી પણ રામાયણનો પાઠ, સ્તુતિ ને મંત્રજપ માર્ગમાં જ કરી લે છે.

વડોદરાના પરિચિત ઉતારાપર આવી ગયાં. સૌએ ફૂલહારથી સ્વાગત કર્યું. પૂ. શ્રી ૧૫ મિનિટ સૌ સાથે વાતો કરીને ઉપર આવી જાય છે.



આજે ખીચડી ને શાકનું ભોજન પૂ. શ્રી લે છે. ત્યારબાદ એક યુ. પી.(ઉત્તર પ્રદેશ)ના ભાઇ પૂ. શ્રીના દર્શને આવે છે. તેમની સાથે શ્રી પ્રભુપાદ સ્વામીની વાતો કરે છે. ત્યારબાદ આરામ.

સર્વેશ્વરી ગઇકાલથી રાત્રે નવ પછી મૌન રાખે છે. આજે પણ મૌન શરૂ થઇ ગયું હતું. છતાં પૂ. શ્રીએ તેમની સાથે થોડી વાતો કરી. આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)

મા શારદાદેવીને પહેલાં થયો વા. પછી આવ્યો તાવ તો મા કહે, રોગ એ હરવખત રોગ નથી, એ તો કદીક યોગ છે. કેવી વિધાયક દૃષ્ટિ! **મા શારદાદેવી**

ઘ. : ૪૪૧૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૫૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વાસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# અમૃતપળોનો આસ્વાદ-૪

કલ્યાણ

આજે ૧૨, માર્ચ-૯૪ ના રોજ એક મહાતીર્થની યાત્રાએ સૌ ભાવિકો આવ્યા છે. આ મહાતીર્થ એટલે દેવપ્રયાગની પૂ. શ્રીની તપોભૂમિ શાંતાશ્રમ. શાંતાશ્રમની આ તપોભૂમિમાં પૂ. શ્રીએ વર્ષો-સુધી પલાંઠી વાળી છે અને સાધનાનાં મહત્તમ શિખરો સર કર્યાં છે. સાધનાનો, તપશ્ચર્યાનો એક મહાન ઇતિહાસ પૂ. શ્રીએ અહીં રચ્યો છે. તપની ધૂણી ધખાવીને અનેક વિરલ આધ્યાત્મિક અનુ-ભવો મેળવ્યા છે. પરમકોટિના સંતો ભક્તોનાં વિરલ દર્શનો આ ભૂમિમાં પામ્યા છે. રિદ્ધિસિદ્ધિ અને નવનિધિનાં વરદાનો આ પાવન ધરતીની સાક્ષીએ મળ્યાં છે. પરમશક્તિ મા જગદંબાના દર્શનના અનેક અલૌકિક અનુભવો આ તીર્થભૂમિમાં મેળવ્યા છે. પૂ. માતાજી જ્યોતિર્મયી પૂ. શ્રીની પ્રત્યક્ષ સાધનાનાં સાક્ષી બનીને વર્ષોસુધી આ કઠિન ભૂમિમાં વસ્યાં છે. પૂ. શ્રીમાં શ્રદ્ધાભક્તિ રાખનારા ભક્તો માટે તો આ ભૂમિ તીર્થોત્તમ મહાતીર્થ છે. આ મહાતીર્થની યાત્રા સૌ ભક્તોએ ભક્તિભાવપૂર્વક કરી. કુટિયાનાં દર્શન કર્યાં. ત્યાંના પવિત્ર વાતાવરણમાં સૌએ ધ્યાન ધર્યું. એકસો પચ્ચીસ દંડવત્ પ્રણામો કરીને અંતરની ભાવાંજલિ સૌએ પૂ. શ્રીના ચરણે ધરી.

પૂ. માની આજ્ઞા પ્રમાણે દશરથયાત્રાની પાવન પગદંડી પર પણ સૌ જઇ આવ્યા. બે વર્ષ પહેલાં આજ પાવન પગદંડીપર પૂ. માએ કઠિન દશરથયાત્રા નવ નવ વર્ષોના ઉપવાસી શરીરે કરી



હતી. પૂ. માની આ સાહસિક યાત્રા પણ તપશ્ચર્યાનો એક વિરલ ઇતિહાસ બની ગઇ છે. જ્યાં પૂ. માનાં પાવન શ્રીચરણો પડયાં છે તે પગદંડીનાં દર્શન કરવાં સૌ થોડે દૂરસુધી ચાલ્યા છે. "પૂ. માનાં શ્રી ચરણો જ્યાં જ્યાં પડશે ત્યાં ત્યાં તીર્થ સર્જાશે" એ પૂ. શ્રીનાં શબ્દો સત્ય ઠરીને જ રહેવાના છે. એ તીર્થદર્શનની શુભ શરૂઆત તો ક્યારનીય થઇ ગઇ છે. બે ભાઇઓ શ્રી રાજીવભાઇ અને ભૂપેનભાઇ દશરથાચલની પાવન ભૂમિનાં પગપાળા ચાલીને દર્શન કરી આવ્યા છે. બીજી કેટલીક બહેનો પણ દશરથયાત્રાના પેલા ગામ સુજાનકાંડા સુધી જઇ આવ્યા છે. ભવિષ્યમાં દશરથતીર્થની યાત્રાએ લોકોની વણઝાર ચાલશે તેમાં ક્યાં શંકાને સ્થાન છે! પૂ. શ્રી અને પૂ. માએ દશરથની પગદંડીપર પગલાં પાડીને પગલે પગલે તીર્થસર્જન કર્યું છે.

આજે સવારે આપણે શાંતાશ્રમ તીર્થની યાત્રાએ ગયા હોવાથી પૂ. માના મંગલાનાં દર્શન પામ્યા નથી તો અત્યારે સાંજના સત્સંગ સમયે પૂ. માનાં દર્શન પામી ધન્યતા અનુભવીએ!

આ દર્શન જ આપણી ગંગાયાત્રાનું પરમ મંગલ ધ્યેય છે. એ દર્શનનું સૌભાગ્ય કોઇ પણ સંજોગોમાં આપણે ચૂકવાનું નથી. ચાલો ત્યારે, અત્યારે જ મીટ માંડો પૂ. માના નીજમંદિરના દ્વાર-પર! એ દ્વાર ખૂલ્યાં અને પરમ મંગલમયી પૂ. મા પધાર્યાં! કેવાં સુંદરતાના સ્વામી છે પૂ. મા! પરમ સૌંદર્યની આટલી નજાકત છે કોઇ પાસે! માતૃપ્રેમની આવી પૂર્ણકલાનું સર્વાંગસુંદર સર્જન પૂ. મા સિવાય બીજું કોણ સર્જી શકે? માતૃપ્રેમનું આવું અસીમ સૌંદર્ય પૂ. મા જ પ્રકટાવી શકે! સમગ્ર સૃષ્ટિમાં આવો પરમ મંગલ વૈભવ માૃદર્શનમાં જ સમાયો છે. બેન આશા કહે છે તેમ પૂ. મા

અદ્વિતીય છે. આપણે ગૌરવ લેતા થાકી જઇએ, પરંતુ પૂ. માના અદ્વિતીય આત્મિક વૈભવને સીમાંકિત નહીં કરી શકાય! પૂ. મા અદ્વિતીય હતાં, છે અને રહેશે. આપણે તો એ અદ્વિતીય માતૃ-દર્શનની દીક્ષા લઇ લેવાની છે. બસ. આપણે તો દર્શન કર્યા જ કરવાનાં છે ત્યાંસુધી કે આપણું અંતીમ ધ્યેય એ પરમમંગલ દર્શન જ બની જાય! પૂ. શ્રીની પરમ કૃપા થકી જ આપણે આજે પરમશક્તિના પ્રેમસ્વરૂપને સ્થૂળ સ્વરૂપે પૂ. માના સ્વરૂપમાં પામી શકીએ છીએ. સમગ્ર માનવસમાજને ગૌરવ અપાવવા પૂ. માએ પોતાનામાં માતૃશક્તિનો આવો પરમવિકાસ સાધ્યો છે. તો આ દર્શનનું ગૌરવ આપણે અત્યારે પણ માણી લઇએ!

આપણાં અદ્વિતીય પૂ. મા પધાર્યા પોતાનું પેલું અદ્વિતીય મધુરું મધુરું સ્મિત લઇને! બસ આવા સ્મિત સ્મિત સુંદર મુખારવિંદના દર્શન સિવાય આપણે બીજું જોઇએ પણ શું? આ મોહક સ્મિત સાથે પૂ. મા નિજમંદિરમાંથી બહાર આવી રહ્યાં છે. સૌ ભાવિકો-એ મસ્તક નમાવીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા છે. ધવલવસ્ત્રોમાં શોભતાં પૂ. મા ગંગાજી અને પૂ. શ્રીને પ્રણામ કરીને આસનપર બીરાજ્યાં છે.

'ૐ નમો ભગવતે ગુરુદેવાય'ની મધુર ધૂનના સમાપન સાથે સાંજની સત્સંગસભાને સંબોધતાં પૂ. મા કહે, "રોજ સાંજે સૂતાં પહેલાં મનને પૂછવું કે આજે કંઇ સત્કાર્ય કર્યું? અલબત્ત રોજ ને રોજ કંઇક ને કંઇક સત્કાર્ય કરવું જ. સત્કાર્ય કંઇ પૈસા-થી જ થાય એવું નથી. નામસ્મરણ કરવું, રાગદ્વેષથી જાગૃતિપૂર્વક દૂર રહેવું. કામક્રોધના શિકાર થતાં બચવું. બીજાને ઉપયોગી થવું, દાન કરવું, દર્શન કરવાં, આ બધા સત્કાર્યો જ છે. દિવસના અંતે એ સત્કર્મોથી જે હાશ અનુભવાશે તેની કિંમત રૂપિયામાં નહીં



આંકી શકાય! લાખો અને કરોડો કમાવાથી જે હાશ ન અનુભવી શકાય તે પરમશાંતિની, પરમસંતોષની હાશ સત્કર્મથી અનુભવી શકાશે. નાનકડું સત્કર્મ પણ તમને પરમહાશની લ્હાણી ધરશે. દિવસના અંતે નિરાંતે ઊંઘ આપશે."

પૂ. મા કહે, અમે પણ આજે એક સત્કર્મ કર્યું. આજે 'મહા-મૃત્યુંજય'ના જપ કરાવ્યા છે. ૧. શ્રી નારાયણભાઇ. ૨. શ્રી બાબુ-ભાઇ. ૩. શ્રી શાંતિભાઇ કનેરિયા. ૪. સ્વ. શ્રી વિનુભાઇ જોષીના સુપુત્ર શ્રી આશીષકુમાર. ૫. આશાબેનનો પુત્ર ચિ. વિકાસ અને ૬. શ્રી ઈશ્વરભાઇ પરમાર્થી વિગેરે માટે.

આજે સવારે સૌ દેવપ્રયાગ ગયા હોવાથી પૂ. મા તેમની યોગક્ષેમની ચિંતામાં હતાં. પૂ. મા કહે કે તમે સૌ ક્ષેમકુશળ આવી ગયા તેથી અમને નિરાંત થઇ છે.

પૂ. મા પોતાના બાળકોની ચિંતા કર્યા કરે છે. લાગણી વિના તો ચિંતા કોણ કરે? પૂ. માની ચિંતા એ પોતાનાં બાળકો માટે વ્હાલની પ્રસાદી છે.

પૂ. મા કહે, "પૂ. શ્રીના તપસ્યાસ્થાન શાંતાશ્રમમાં જઇ આવ્યા તે સારું થયું. મહાપુરુષોની કૃપા વિના તેમના પવિત્ર સ્થાનનાં દર્શનનો યોગ સાંપડતો નથી. પવિત્ર સ્થાનોના દર્શનથી જે તે મહાપુરુષોનું કૃપાછત્ર આપણને સહજ મળ્યા કરતું હોય છે. તેમની કૃપાદૃષ્ટિ આપણા પર ફર્યા કરતી હોય છે. ભાવ હોય ત્યાં પરમપ્રેમની પ્રસાદી સહજ મળ્યા કરતી હોય છે."

શ્રી બાબુભાઇ વોરાસાહેબ આજે એંશી વર્ષની ઉંમરે પણ પોતાના ગુરુદેવના પવિત્ર તપસ્યાસ્થાન શાંતાશ્રમના દર્શને ગયા તો તેમને ગુરુકૃપાનો સુંદર અનુભવ થયો. શાંતાશ્રમની કુટિયામાં

પૂ. શ્રીનું સ્વરૂપ દિવાલપર રાખેલું છે. કુટિયામાં અંધારું રહેતું હોવાથી તે સ્વરૂપનાં દર્શન કોઇને થતાં નથી. કોઇ પાસે જઇને ધારી ધારીને જુએ તો માંડ ઝાંખુ દર્શન થાય. જ્યારે શ્રી બાબુભાઈ વયોવૃદ્ધ હોવાથી તેઓ પૂ. શ્રીના સ્વરૂપનું દર્શન ન કરી શકે તે સ્વાભાવિક છે. પરંતુ તેઓ જેવાં કુટિયાના દર્શન માટે અંદર પ્રવેશ્યા તો અંધારું જ હતું. પરંતુ એ અંધકાર વચ્ચે તેમને પ્રકાશના કિરણોનું દર્શન થયું. તેઓ આ પ્રકાશના કિરણોના અજવાળામાં પૂ. શ્રીના સ્વરૂપને સ્પષ્ટ જોઇ શક્યા. કારણ કે એ પ્રકાશનાં કિરણો બીજે ક્યાંયથી નહીં પરંતુ પૂ. શ્રીનાં બંને નયનોમાંથી પ્રકટ થતાં હતાં! તેઓએ આંખો ચોળીને ખાત્રી કરી જોઇ પણ દૃશ્ય સ્પષ્ટ અને સાચું જ હતું! શ્રી બાબુભાઇને આ અનુભૂતિથી ભારે આનંદ થયો. તેમણે રોમાંચિત થતાં કહ્યું "આમ તો પૂ. શ્રીની કૃપાના અનેક અનુભવો મેં મારા જીવનમાં અનુભવ્યા છે. પરંતુ દિવ્યકૃપાનો આવો અલૌકિક અનુભવ તો પ્રથમ વખત જ થયો! પ્રકાશનાં કિરણો પૂ. શ્રીની આંખોમાંથી નીકળતાં હતાં તે મેં સ્પષ્ટ અનુભવ્યું! તેમની કૃપાવિના આવું દૃશ્ય શક્ય બની શકે નહીં.

શ્રી બાબુભાઇપર પૂ. શ્રીની આ કૃપાદૃષ્ટિ હતી! શ્રી બાબુભાઇ તો એક સરળ, પ્રામાણિક ને ભલા ઇન્સાન છે. તેઓ તે પોતાના જીવનને પૂ. શ્રીની કૃપાપ્રસાદી જ માને છે. આટલી ઉંમરે પણ સર્વમંગલ ટ્રસ્ટની મહત્ત્વની જવાબદારી પ્રેમપૂર્વક વહન કરી રહ્યા છે. આ જવાબદારીનો ભાર તેમને લાગતો નથી કારણ કે આ તો પૂ. શ્રીની સેવાનું કાર્ય છે. પ્રેમપૂર્વકની સેવાનો બોજો કેવો? તેમને તો પોતાના ગુરુએ પોતાની સેવા માટે લાયક માન્યા તેનો જ અંતરે ભારે આનંદ છે. એટલે તો આજે પણ એટલા જ આનંદપૂર્વક પોતાની ફરજ બજાવી રહ્યા છે.



આટલી મોટી ઉંમરે પણ પૂ. માની આજ્ઞા થતાં છેક હરિદ્વાર પૂ. માના સત્સંગના કાર્યક્રમોમાં આવ્યા અને અહીં દેવપ્રયાગના શાંતાશ્રમના તીર્થસ્થાનના દર્શને પણ આવ્યા. પૂ. શ્રી ઉપરની તેમની અચળ શ્રદ્ધાને લીધે તેમને આ પવિત્ર સ્થાનમાં પૂ. શ્રીની કૃપાનો અનુભવ પણ થયો. પૂ. શ્રીની સ્થૂળ વિદાયને તો આજે દશ વર્ષનાં વહાણાં વાઇ ગયાં છે. પરંતુ પૂ. શ્રીની પરમકૃપા તેમના સૂક્ષ્મ સાન્નિધ્યની સતત પ્રતીતિ કરાવતી રહે છે. કૃપાનો આ મહાપ્રસાદ પામીને શ્રી બાબુભાઇ તો ધન્ય થઇ ગયા!

પૂ. મા કહે, "આજે પણ શાંતાશ્રમનું વાયુમંડળ પવિત્ર છે. આવા પવિત્ર વાતાવરણનો લાભ પ્રભુની કૃપા વિના પ્રાપ્ત થતો નથી. જ્યારે જ્યારે પુણ્યયોગ પ્રાપ્ત થાય ત્યારે આવા તીર્થસ્થાનોના દર્શનનો લાભ લેવો જોઇએ. ઘણી વખત તો એ મહાપુરુષની કૃપા જ આપણને આવા પવિત્ર સ્થાનોની યાત્રા કરવાની પ્રેરણા આપતી હોય છે. ભક્તની જેવી ભાવના હોય તેવો ભાવ પ્રભુ પણ રાખતા હોય છે. આપણે પ્રભુને બોલાવીએ તો પ્રભુ પણ આપણને આપણા હિત માટે પવિત્ર સ્થાનોમાં બોલાવતા હોય છે.

અમે બોલાવીએ વળી તમને, તમે બોલાવી લો અમને.

ગમે તેવા સંજોગોમાં આપણી શ્રદ્ધા અડગ રહેવી જોઇએ. ગંગાજીમાં આપણને કોઇ ભૂલથી પણ ધક્કો મારે તોપણ લાભ જ થાય. ગંગાજળમાં પડતા તો પડી જવાય પણ પડયા પછી ગંગાજીના શીતલ સ્પર્શથી આપણાં તનમન પવિત્ર બની જાય! અનાયાસે પણ ગંગાસ્નાનથી તનમનના મેલ ધોવાય છે. અરે! ગંગાજીના દર્શનમાત્રથી પણ મન શાંતિનો અુભવ કરે છે. પવિત્ર સ્થાનોનો આવો પ્રભાવ હોય છે. ત્યાં જવાથી લાભ જ લાભ થાય. માટે તમે સૌ દેવપ્રયાગ જઇ આવ્યા અને શાંતાશ્રમના પવિત્ર વાતાવરણનો લાભ લઇ આવ્યા. તેની પવિત્ર અસર અને સ્મરણ

તમારા માનસપટપર વર્ષોસુધી છવાયેલી રહેશે. જ્યારે પણ એ પવિત્ર તીર્થસ્થાનને યાદ કરશો ત્યારે તમે પવિત્રતાનો પ્રસાદ પામશો જ.

પ્રસંગને અનુરૂપ પૂ. મા પોતાના મધુર કંઠે પોતાનું પદ સંભળાવે છે.

મારા સમર્થ સદ્‌ગુરુદેવ રે,
કરે ક્ષણમાં સૌનો ઉદ્ધાર.
અગણિત ચિંતા શિર પર છોને,
ધ્યાન ધરી લે ભાવે જોને.
ધરે અંતરમાં અજવાસ–કરે.
માર્ગ બધાયે બંધ બનેને,
સઘળાં સ્વજનો છોડે ભલેને,
દ્વાર ઊઘાડી જોતો વાટ રે–કરે.
શરણું જે લે સ્નેહ ધરીને,
અંકે સ્વીકારે એ જ ઘડીએ,
સર્વેશ્વરીનો અનુભવ આજ–કરે.

એકવાર સમર્થ સદ્‌ગુરુ મળી જાય તો પછી તેમાં અખંડ શ્રદ્ધા રાખવી જોઈએ. સમર્થ સદ્‌ગુરુ આપણું સર્વ પ્રકારે ધ્યાન રાખે છે. તેમને માટે કશું જ અશક્ય નથી. આપણું કામ તેમની શરણાગતી સ્વીકારી અખંડ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનવું જોઈએ. બાકીની બાજી સદ્‌ગુરુ સંભાળી લેશે.

અત્યારના સાંજના સત્સંગનું સમાપન શ્રી આશાના સુંદર ભાવ મઢ્યા પદથી થાય છે. પૂ. માએ આશાના જીવનમાં જે કૃપાની કમાલ કરી છે તેનો સ્વીકાર આમાં છે.

કોણે આવું સુંદર સુંદર, મધુર જીવન કરી દીધું !

(ક્રમશઃ)



# શ્રદ્ધાંજલિ

તંત્રી

મોરબી ધ્યાનકેન્દ્રના સરસંચાલક શ્રી હરિભાઇ ભોજાણીનાં ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેનનો સ્વર્ગવાસ તા. ૧૪–૫–૯૯ ના રોજ બપોરે થયો. તેઓ લગભગ છેલ્લા ત્રણ વર્ષથી બિમાર હતાં. તેમને પ્રારંભમાં મહિને, પછી પંદર દિવસે, પછી દર અઠવાડિયે અને છેલ્લે અઠવાડિયામાં બે વાર ડાયાલીસીસ કરાવવું પડતું. છેલ્લે હાથની નસો જ કામ કરતી બંધ થઇ ગઇ. પરિણામે કશા જ ઉપચારો માટે અવકાશ જ ન રહ્યો.

પરિવારના સભ્યોની કસોટી કરી નાંખે તેવા પ્રકારની આ લાંબી માંદગીમાં પૂ. મા–પ્રભુની કૃપાથી શ્રીહરિભાઇ ભોજાણી. તેમનો પુત્ર મનીષ અને પુત્રવધૂ ચેતના પાર ઉતર્યાં. પ્રભુકૃપાવિના આ માટે જોઇતી ધીરજ અને સહનશક્તિ માણસ ક્યાંથી લાવે?

શ્રી મંજુબેનનો અંતિમ સમય સુધરે તે માટે પૂ. માએ અમેરિકાથી શ્રી વિજયભાઇ પુરોહિત–પંડિતજીને ખાસ મોરબી મોકલ્યા. તેઓ તેમના સાન્નિધ્યમાં સતત જપ, નામસંકીર્તન–ધૂન વગેરે કરતા જ રહ્યા. ભૂલેચૂકે પણ કોઇ સાંસારિક સ્મરણ મરણાસન્ન વ્યક્તિને ન થઇ આવે તેની પૂરી કાળજી પરદેશમાં રહ્યે રહ્યે પણ પૂ. મા રાખતાં રહ્યાં.

મોરબીના શ્રી હરિભાઇ ભોજાણી–એટલે પ. પૂ. શ્રી યોગેશ્વરજીના 'શ્રી હરિ.' આ નામે જ તેઓશ્રી તેમને બોલાવતા. મોરબીમાં પૂ. શ્રીના સત્સંગનો પ્રારંભ અને પ્રસાર કરવાનો

યશ–શ્રી હરિ અને શ્રી કલ્યાણ(શ્રી ગોરધનભાઇ કલોલા)ને ફાળે જાય છે. આજે તો શ્રી હરિના પુરુષાર્થથી શ્રી યોગેશ્વર પરિવાર સારા પ્રમાણમાં ફૂલ્યો ફાલ્યો છે. તેમાં પડદા પાછળના શ્રી હરિનાં પત્ની શ્રી મંજુલાબેનનો ફાળો પણ નાનોસૂનો નથી. વરસોસુધી રોજનો સત્સંગનો કાર્યક્રમ તેમને ત્યાં ચાલ્યો. આ શ્રી મંજુબેનના સહકાર વિના શી રીતે શક્ય બન્યું હોત?

આવાં શ્રી મંજુબેનની ખોટ શ્રી ભોજાણીભાઇ અને પરિવારના સભ્યોને લાગશે જ. છતાં પ્રભુની લીલાના ભાગરૂપ તેને સ્વીકારવી જ પડે. પ્રભુ તે સહુને આ ખોટ સહન કરવાની શક્તિ આપે, એ જ પ્રાર્થના.

પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપા પામેલાં શ્રી મંજુબેનના આત્માને શાન્તિ અને સુખ હોય જ. છતાં આપણે આપણી ફરજના ભાગરૂપે–તેમના આત્માને શાન્તિ અને સદ્‌ગતિ ઇચ્છીએ. "May her soul rest in peace."


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯




પૂ. શ્રી રણછોડદાસજીના

# પ્રેરક પ્રસંગો

**પરમાર્થી**

## જાકી રહી ભાવના જૈસી

કુંદનલાલજી મધ્યપ્રદેશમાં આવેલા અનંદપુર ગામના વતની.

આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં, (આશરે ૧૯૩૦ ની વાત) માંડ દોઢ બે હજાર માણસની વસ્તીવાળા એ ગામની આસપાસ ગાઢ જંગલ હતું. લોકો એ જંગલને બુડાખેરેના જંગલ તરીકે ઓળખે.

કુંદનલાલજીનાં પત્ની સરળ હૃદયનાં. સ્વભાવે પણ ખૂબ શાંત અને માયાળુ. એ નાની ઉંમરમાં પરણીને કુંદનલાલજીને ત્યાં આવ્યાં હતાં.

અવંતિબાઇના મોટાભાઇ એમના લગ્નપ્રસંગ પહેલાં જ ઘર છોડી ગયા હતા. પાછળથી એવા સમાચાર આવ્યા હતા કે, એ સાધુ બની ગયા છે. અવંતિબાઇ અનંતપુરના તેમના ખોરડામાં બેઠાં બેઠાં ઘણીવાર પોતાના ભાઇની યાદ આવતાં ઉદાસ બની જાય.

એક મહાત્મા બુડાખેરેના જંગલમાં કેટલાય દિવસથી શ્રીહનુમાનજીની મૂર્તિની સામે બેસીને તપશ્ચર્યા કરે છે અને છેલ્લા બે દિવસથી એમની તબિયત સારી નથી.

એવા સમાચાર એક દિવસ ગામના એક સંતસેવી માણસ પાસેથી કુંદનલાલજીને મળ્યા.

એ સંતસેવી ભાઇ આ મહાત્મા–પૂજ્યશ્રી–માટે છાશ લઇ જતા હતા.

અવંતિબાઇએ આ સમાચાર સાંભળ્યા ત્યારે એ મહાત્માનાં દર્શન કરવા માટે અધીર બની ઊઠયાં. 'આ મહાત્મા મારા ભાઇ તો નહિ હોય!' આવો એક વીજઝબકાર એમના ખિન્ન મનને પ્રસન્ન બનાવી ગયો.

તરત જ પતિપત્ની બંને બેલગાડીમાં બેસીને બૂડાખેરેના જંગલમાં ગયાં. બેલગાડી નજીક આવીને ઊભી રહેતાં પૂજ્યશ્રીએ ઉપર જોયું. અવંતિબાઇએ જોયું કે આ મહાત્મા એમના ભાઇ ન હતા. ઝાડ નીચે મજેથી બેઠેલા એ પરમ વિરાગી સંતને જોઇને અવંતિબાઇનું હૃદય હાથ ન રહ્યું.

'મારો ભાઇ પણ આ રીતે ક્યાંક રહેતો હશે. અરેરે! એ મને ક્યાં મળે? એમ વિચારીને રડી પડયાં.

સામા માણસના હૃદયમાં ચાલતા વિચારોને સમજી જવાની શક્તિ ધરાવતા પૂજ્યશ્રીએ એમને ખૂબ સમજાવ્યાં. પછી એમને સાંત્વન આપવાના ઇરાદે ધીમેથી બોલ્યા : 'બાઇ, સમઝ લો કિ મૈં હી તુમ્હારા ખોયા હુઆ ભાઇ હૂં?

પ્રથમ દર્શને જ સૌ કોઇના હૃદયપર વર્ચસ્વ પ્રાપ્ત કરી લેનાર પૂજ્યશ્રીની સૌમ્ય મૂર્તિ પાસે અવંતિબાઇ પણ પોતાનું દુઃખ ભૂલી ગયાં. એમણે પૂજ્યશ્રીના શબ્દો પકડી લીધા અને બહેનનો સંબંધ આગળ કરીને ગામમાં પોતાના ઘેર પધારવાની વિનંતી કરી.

જવાબમાં પૂજ્યશ્રી હસીને બોલ્યા : 'ફિર કભી આઉંગા, અભી તો યહીં પર આનંદમેં હૂં.'



અવંતિબહેને કાળજીપૂર્વક એમની સેવા કરી. સંત સમજીને નહિ, પરંતુ પોતાના સગાં ભાઇ સમજીને! પૂજ્યશ્રીએ બૂડાખેરેનું જંગલ છોડયું તે પહેલાં અવંતિબાઇએ એમને પ્રાર્થના કરી, 'અવારનવાર આ બહેનની ખબર કાઢતા રહેજો, ભાઇ, મને છોડી ન દેશો.'

પૂજ્યશ્રીએ પ્રાર્થના માન્ય રાખી.

બીજી વખત અવંતિબાઇનાં મા સુંદરબાઇ એમને ભેલસામાં મળ્યાં. પૂજ્યશ્રી એમની આંખોમાં પણ એમના પુત્ર તરીકે જ વસ્યા. એમણે પુત્રવિરહમાં દુઃખી રહેતાં સુંદરબાઇનો હૃદયપૂર્વક મા તરીકે સ્વીકાર કર્યો અને વચન આપ્યું કે, પોતે ગમે ત્યાં વિચરતા હશે તોપણ માના અંતિમ દિવસોમાં જરૂર તેમની પાસે હાજર રહેશે અને પુત્ર તરીકે તેમની ચિતામાં લાકડાં નાંખશે.

એ સંબંધને સત્ય માની લઇને અવંતિબાઇના સંતાન રમેશ-ભૈયા, ગોવરધન, સુરેશ રામકુંવરબહેન, ક્ષિપ્રા, વિદ્યા વગેરેએ પૂજ્યશ્રીને 'મામાજી' તરીકે સંબોધ્યા. ધીર ધીરે અનંતપુરના માણસો એમને મામાજી તરીકે જ ઓળખવા લાગ્યા. પૂજ્યશ્રી વરસે બે વરસે અનંતપુર જરૂર જાય અને કુશળ સમાચાર પૂછવા નિમિત્તે અવંતિબાઇપર ભ્રાતૃપ્રેમ વરસાવી જાય.

પૂજ્યશ્રી એકવાર એ રીતે અનંતપુર પધાર્યા ત્યારે એક સાંજે જંગલમાં શૌચ માટે પધાર્યા. ઢળતી સાંજનો સમય. આછા અંધકારના ઓળા પૃથ્વી પર ઉતરી રહ્યા હતા.

પૂજ્યશ્રીએ જંગલમાં ખૂબ નજીકમાં એક વાઘ જોયો. એમણે શાંતિથી તેને કહ્યું : અપને રાસ્તે પર ચલા જા!

વાઘ એમની આજ્ઞા માનીને ઝાડીમાં ચાલી ગયો.

તેઓશ્રી પાછા ફર્યા ત્યારે એમણે કુંદનલાલજીને—કક્કાજીને હસતાં હસતાં કહ્યું : 'જાઓ, જાકર ઉસ ઝાડીમેં શેર કો દેખ આઓ.'

વાઘનું નામ સાંભળતાં જ કક્કાજીના તો છક્કા છૂટી ગયા. એ પાંદડાની જેમ થરથર ધ્રૂજવા માંડયા. બધી વાત સાંભળી ત્યારે એ બોલી ઊઠયા : 'મહારાજશ્રી, વાઘસિંહને વશ કરવાનો એવો એકાદ મંત્ર મનેય શીખવી દો ને? આપને જરાય ડર ન લાગ્યો?

પૂજ્યશ્રી ગંભીર સ્વરે બોલ્યા : 'યહ તુમ લોગોં કે બસ કી બાત નહીં. ઉસે તો સાધુઓ કે પાસ હી રહેને દો. શેર સાધુ કે પાસ કૂત્તે જૈસા હો જાતા હૈ. સાધુ હજારોં શેર કે બીચ મેં સે નિકલ જાય તો ભી શેર ઉસે કુછ ભી નહીં કરેગા. ઔર મૈંને ડરકે તો કાન હી કાટ લિયે હૈ.'

(શ્રી દમયંતી સેજપાલના મારા ગુરુદેવના આધારે)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત—૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧




# શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

યશસ્વીભાઇ ય. મહેતા

તારકનાથ ઘોષાલના પિતા રામકનાઇ ઘોષાલ દક્ષિણેશ્વરમાં મા કાલીનું મંદિર બંધાવનાર રાણી રાસમણિના વકીલ હતા. રામકૃષ્ણદેવને ૧૮૫૦ ના દાયકામાં તેઓને પ્રસંગોપાત્ત મળવાનું થતું હતું. તારકને બાલ્યાવસ્થામાં જ ઈશ્વરભક્તિનો રંગ લાગેલો ને તેનાં દર્શન કરવાની ઝંખના જાગી હતી. મનુષ્યનું મન પોતાના રંગ મુજબનો સંગ શોધે છે ને સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપક પરમાત્મા, કીડીના પગના ઝાંઝર સાંભળે છે, તે આવા ભક્તને સાનુકૂળતાઓ, ને મોટે ભાગે ભવિષ્યમાં સાનુકૂળતામાં પરિણમનારી પ્રતિકૂળતાઓની ભેટ આપે છે.

તારકની બાબતમાં આમ જ બન્યું. તેને બે બહેનો હતી ને તે ભાંડુઓમાં મોટો હતો. તેના કૌટુંબિક સંજોગોને કારણે તેને પોતાનો અભ્યાસ ને બારાસાત વતન છોડી કલકત્તા નોકરી માટે જવું પડયું. તે વખતે બ્રહ્મોસમાજની બોલબોલા હતી ને કેશવચંદ્ર સેન વિદ્યાર્થીઓ ને યુવકોની પ્રેરણામૂર્તિ હતા. તારક સ્વાભાવિક રીતે જ તેમાં જોડાઇ ગયો ને નિરાકાર ઈશ્વર વિષે પ્રવચનો સાંભળવા લાગ્યો. ને ત્યાં જે કાંઇ સાધન—અભ્યાસ સૂચવતા તે નિષ્ઠાપૂર્વક કરતો, વતન છોડવાની ફરજ પડી તેથી તેનું હૃદય ખિન્ન રહેતું હતું અને માતા—ભગિનીઓની ગેરહાજરી સાલ્યા કરતી હતી. સાંસારિક પ્રલોભનો તરફ તે નિઃસ્પૃહ જ હતો. તેને કોઇ સ્પૃહા ન હતી. ને ઈશ્વરપ્રાપ્તિ માટેની તેની માનસિક વ્યાકુળતા વધ્યા કરતી હતી.

રામકૃષ્ણ સાથે તેની મુલાકાત ગોઠવી આપનાર રામબાબુ તેની ઓફિસના સહકાર્યકર હતા. રામકૃષ્ણદેવ રામચંદ્ર દત્તને ત્યાં આવવાના છે અને તેઓને મા કાલી હાજરાહજૂર છે તે જાણી તેમને મળવાની તીવ્ર તાલાવેલી તારકને જાગી. સમાધિ શું છે? તેવા પ્રશ્નના જવાબમાં તારકને સમાધાન થાય તેવો જવાબ મળતો નહિ. તેને કહેવામાં આવ્યું કે આ કળિયુગમાં કોઈને સમાધિનો અનુભવ થઇ શકે નહીં, કલકત્તાની નજીક દક્ષિણેશ્વર મંદિરમાં મા કાલીના પૂજારી રામકૃષ્ણ પરમહંસ જ અપવાદરૂપ વ્યક્તિ હતા, જેમને આ સમાધિનો અનુભવ થતો હતો.

તારક રામબાબુને ત્યાં ગયો ત્યારે ઓરડો ભક્તોથી ખીચોખીચ ભરેલો હતો. ઠાકુર ઉચ્ચ સમાધિ અવસ્થામાં હતા. અને જ્યારે તેઓ પ્રકૃતિસ્થ થયા ત્યારે તારકના આશ્ચર્ય વચ્ચે ઠાકુર નિર્વિકલ્પ સમાધિ વિષે બોલ્યા. આ સમાધિ જો ભક્તને થાય તો તે તેમાં વધુમાં વધુ ૨૧ દિવસ રહી શકે. તે પછી સ્વયંભૂ તેનું શરીર સૂકા પાનની જેમ પડી જાય છે. તારકને નવાઇ લાગી કે તે પોતે જે જાણવા માગતો હતો તે વિષે જ ઠાકુરે અદ્દ્ભુત પ્રકાશ પાડયો હતો. તારક નજીક બેઠો હોવા છતાં તેણે ઠાકુર સાથે કોઇ વાતચીત કરી નહીં. એક મહિના પછી તારક દક્ષિણેશ્વર ગયો ત્યારે રાત પડી ગઇ હતી. ઠાકુરના ઓરડામાં ત્રણેક ભક્તો ઠાકુરની સાથે બેઠા હતા. ઠાકુર પલોંઠી વાળીને બેઠા હતા. ઓછી સંખ્યામાં ભક્તો હોવાથી તારકને આ ભાવની સ્થિતિ હતી. તારકને લાગ્યું કે તે ઘણા લાંબા સમયથી, જાણે કે, ઠાકુરને જાણે છે. ઓરડામાં તેલનો દીવો ઝાંખો પ્રકાશ પાડી રહ્યો હતો. ઠાકુરમાં જ તેને માતા, પિતા, બંધુ, સખા, ગુરુનાં દર્શન થયાં. તારકે મનોમન ઠાકુરને આત્મસમર્પણ કરી દેતાં મનમાં પ્રાર્થના કરી, 'ઠાકુર તમારા શરણે આવ્યો છું. કૃપયા મારો સ્વીકાર કરો. જેને માત્ર



આ જન્મ જ નહિ જન્માંતરથી જેને શોધવા ભટકતો હતો તે આ જન્મમાં જ મળી ગયા હતા. મારા મન ને હૃદયના પ્રદેશ ઉપર ઠાકુરના સામ્રાજ્યની સ્થાપના થઇ ગઇ હતી. ઘર અને ઓફિસ બંનેમાં હવે તારકનું મન બેસતું ન હતું. ઠાકુર કલકત્તા આવે કે દક્ષિણેશ્વરમાં હોય તારક ત્યાં પહોંચી જતો.

બીજી મુલાકાત સમયે તારક ઠાકુરની સેવા કરી રહ્યો હતો ત્યારે ઠાકુરે એકાએક તેની છાતીએ સ્પર્શ કર્યો. તત્કાલ તારક ઊંડી ધ્યાનાવસ્થામાં સરકી પડયો. તે એક ઉચ્ચ શાંતિ—આનંદની અવસ્થા હતી. તેના પરિણામ સ્વરૂપ તેને અનુભવ થયો કે ઠાકુર સ્વયં ઈશ્વરનો જ આવિર્ભાવ હતા, જગતના કલ્યાણ માટે તેમનું અવતરણ થયું હતું. અને તે તેમની સેવા કરવા માટે જ આ પૃથ્વી ઉપર આવ્યો હતો. પંચવટીના વટવૃક્ષ નીચે તારકને ઠાકુરે એક સ્પર્શ માત્રથી સમાધિને અનુભવ કરાવ્યો હતો, ઠાકુર ભક્તોને કહેતા કે કેવળ કૃપાસિદ્ધ થઇને બેસી ન રહો. સ્વયંના ભવ્ય પુરુષાર્થદ્વારા સાધનસિદ્ધ બનવા તેઓ આગ્રહ કરતા. દુનિયાના બધા ધર્મો પ્રત્યે તેમને આદર હતો. બધા ધર્મોના આદેશ પ્રમાણે સાધના કરવાથી સૌ ઈશ્વરપ્રેમ, ઈશ્વરભક્તિ, ઈશ્વરસંબંધ બાંધી શકે. તારકે પૂરેપૂરા ભાવથી રામકૃષ્ણ—શરણાગતિ સ્વીકારી ને તેઓ જ માતા, પિતા, ભાઇ, સખા, વિદ્યા, જગતના બધા પ્રાણિ-પદાર્થો હતા.

તારકની બીજી કે ત્રીજી મુલાકાત વખતે ઠાકુરે તેની છાતીને સ્પર્શ કરતાં જ તે ઊંડી સમાધિ અવસ્થામાં ડૂબી ગયો. આ વખતે તેણે અનુભવ્યું કે તે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છે, બાકી સ્થૂળ શારીરિક આવરણો તો શરીર ઉપરનાં વસ્ત્રો જેવાં જ છે. ભક્તોના માનસિક બંધારણ મુજબ જ ઠાકુર તેમને વિવિધ સાધન પદ્ધતિ

શીખવતા. તેને ત્યાં અંધશ્રદ્ધાને કે ધર્માંધતાને કોઇ સ્થાન ન હતું. બધા ધર્મોના અનુયાયીઓ કોઇ આધ્યાત્મિક ગુરુત્વાકર્ષણના નિયમાધીન હોય તે રીતે આપોઆપ ખેંચાય આવતા હતા. વ્યાકુળ બનેલા સાધકો તેમની સમીપ એક વાર સંસર્ગમાં આવતાં કાયમને માટે આધ્યાત્મિક સાધકની કક્ષાએ પહોંચી જતા. તેમની સાથે રહેવું તે ઈશ્વરના સાન્નિધ્યમાં રહેવા બરાબર હતું.

તારક જ્યારે જ્યારે રામકૃષ્ણદેવ પાસે આવતો ત્યારે તેનો કંઠ ગદ્‌ગદ્ બની જતો ને તે પછી તે પોતાનું રૂદન દબાવી શકતો નહીં. એક વાર તારક નદીકિનારે બકુલ વૃક્ષ નીચે બેસીને આક્રંદ કરતો હતો. ઠાકુરે કોઇ હાજર ભક્તને તે ક્યાં ગયો છે તેમ પૂછ્યું. જ્યારે તારક પાછો ફર્યો ત્યારે ઠાકુરે તેને પાસે બેસાડી કહ્યું : જો બેટા, ઈશ્વરને માટે, ઈશ્વરની પાસે રડવું આવે તે સારી નિશાની છે. તેનાં આ આંસુઓમાં જન્મજન્માંતરનાં પાપ ધોવાઇ જાય છે.

એક વાર પંચવટી વનરાજી વચ્ચે તારક ધ્યાન ધરતો હતો ત્યારે એકાએક ઠાકુર બીજી દિશામાંથી સામે આવ્યા. તેમને જોતાં-વેંત તે રડવા લાગ્યો. ઠાકુર તેની સામે એકીટશે જોઇ રહ્યા. તારક-નું આખું શરીર ધ્રૂજવા લાગ્યું. તેની કરોડ રજ્જુમાંથી શક્તિનો પ્રવાહ ઉપર હૃદયપ્રદેશ સુધી પહોંચ્યો. ઠાકુરે પાછળથી તેને કહ્યું હતું કે તારું રૂદન તે સામાન્ય રૂદન નથી. તે એક જાતનો સમાધિ-નો આનંદ જ છે. તેણે અનુભવ્યું કે ઠાકુર માત્ર સ્પર્શથી જ નહિ, કિન્તુ દૃષ્ટિપાતથી કે સંકલ્પથી સાધકની કુંડલિની શક્તિ જાગ્રત કરી શકતા હતા.

દક્ષિણેશ્વર ભક્તોને મન પૃથ્વી ઉપરનું વિષ્ણુનું વૈકુંઠધામ હતું. સ્વયં વિષ્ણુનો અવતાર રામકૃષ્ણદેવે અહીં ત્રણ દાયકાસુધી



નિવાસ કરી તેમની દિવ્ય લીલાઓ કરી હતી. ઠાકુર શું ન હતા? તે પ્રેમાવતાર, આનંદાવતાર, લીલાવતાર હતા. ઈશ્વરપ્રેમમાં મત-વાલા—મસ્ત બની તેઓ જ્યારે નૃત્ય કરતા તો આજુબાજુ બેઠેલા ભક્તો માનવ—સહજ શરમ—સંકોચ છોડીને તેમની સાથે નાચતા હતા. ઠાકુરે અહીં જ વિવિધ ધર્મોની સાધના કરી તેમાં સિદ્ધ બન્યા હતા. ઠાકુરે પોતે કહ્યું છે કે અહીં જે આધ્યાત્મિક અનુભવો થયા છે તે પૂર્વકાળમાં કોઇને થયા નથી. સ્વામી વિવેકાનંદે એટલે જ તેમને 'અવતારવરિષ્ઠ' અવતારોમાં શ્રેષ્ઠ તરીકે બિરદાવ્યા છે.

ॐ स्थापकाय च धर्मस्य सर्वधर्मस्वरूपिणे।
अवतारवरिष्ठाय श्रीरामकृष्णाय नमो नमः ॥

રામકૃષ્ણદેવનું વિસ્તૃત જીવનચરિત્ર આલેખનાર સ્વામી શારદાનંદજીએ તેમને માટે આ જ સંદર્ભમાં પોતાની શ્રદ્ધાંજલિ અર્પી છે :

ॐ सर्वधर्मस्थापकत्वम् सर्वधर्मस्वरूपिणे।
आचार्याणाम् महाचार्यो श्रीरामकृष्णाय ते नमः ॥

આ અભણ અને ગ્રામીણ, શિષ્ટ સામાજિક રીતભાતોને નહિ અનુસરનારા ગરીબ બ્રાહ્મણની બુદ્ધિની તીક્ષ્ણતા મેધાવી ભગ-વાન શંકરાચાર્ય કરતાં પણ વધુ તીક્ષ્ણ હતી. આચાર્યોના ય તેઓ મહા—આચાર્ય ગુરુદેવ હતા. રામકૃષ્ણદેવે ૧૮૮૬ માં મહા-સમાધિ લીધા પછી ૧૯૦૧ માં વિલિયમ ડિગ્બી નામના અંગ્રેજ લેખકે 'Prosperous British India'ના ૯૯ મા પાને રામકૃષ્ણદેવ વિષે લખ્યું કે,

"છેલ્લી સદી(૧૮૦૧–૧૯૦૦)માં ઇંગ્લાંડે પોતાના બે પનોતા પુત્રોને મેધાવી પ્રતિભાઓ તરીકે રોબર્ટ બ્રાઉનીંગ અને જહોન

રસ્કીનને સ્વીકાર્યા છે, પરંતુ બંગાલના અસંસ્કારી ને નિરક્ષર રામકૃષ્ણની સરખામણીમાં તો તેઓ માત્ર અંધારામાં ફાંફાં મારતા બાળકો જેવા છે. આપણે જેને શિક્ષણ, વિદ્યા કહીએ છીએ તેનો કક્કો ય નહિ જાણતા આ મહામાનવે અદ્યાપિપર્યંત તેના યુગના કોઈ પણ મનુષ્યે ઉચ્ચારી ન હતી તેવી અદ્‌ભુત વાણીની ગંગા વહાવી હતી અને સંસારના ત્રિતાપથી સંતપ્ત મર્ત્યોના જીવનમાં સુખશાંતિની અપાર શીતળતાનો અનુભવ કરાવ્યો હતો."

(ક્રમશઃ)

ગમે તે પ્રકારે પણ માણસ જો ઈશ્વરનું શરણ લે તો જીવનની જટિલતા દૂર થવામાં ઘણી જ મદદ મળે છે, એમાં શંકા નથી.

— યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧



# મહાત્મા યોગેશ્વર સેવાન્યાસ મસૂરી

(મૂળ હિન્દી લેખનો અનુવાદ) રતનલાલજી, મસૂરી

પૂજ્ય શ્રી મહાત્મા યોગેશ્વરજીની કૃપા તેમ જ મા શ્રી સર્વેશ્વરીની કઠોર તપસ્યાના ફલસ્વરૂપ દેશવિદેશના અનેક ભક્તો-ના સહયોગથી મહાત્મા શ્રી યોગેશ્વરજીની તપોભૂમિ હિમાલયની ગોદમાં આવેલ–મસૂરીમાં તેઓશ્રીના હસ્તે ૧૯૭૮ માં જેનો પ્રારંભ કરવામાં આવેલ તે શ્રી સરસ્વતી શિશુમંદિરરૂપી પુષ્પ આજે ત્રણ વિદ્યાલયોના રૂપમાં વિકસીત થયેલ છે.

૧. મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર–મસૂરી. ૨. મહાત્મા યોગેશ્વર સરસ્વતી વિદ્યામંદિર–મસૂરી. ૩. મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર–કેમ્પટી–(મસૂરી).

આ ત્રણે વિદ્યાલયો પોતપોતાની વિશિષ્ટતા પ્રમાણે દિન-પ્રતિદિન પ્રગતિ કરી રહ્યાં છે.

આજથી લગભગ પચ્ચીસ વર્ષ પહેલાં પોતાની પહેલી વિદેશ-યાત્રાએ જતાં પહેલાં શ્રી ગાંધીનિવાસ સોસાયટી–મસૂરીના હોલ-માં પ્રવચન કરતાં પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ કહ્યું હતું કે "હું શરીરથી ગમે ત્યાં જાઉં પણ આત્મિકરૂપે તમે મને અહિ પામશો." એથી આજે પણ અમે પૂ. મહાત્મા યોગેશ્વરજીને જ્યારે પણ યાદ કરીએ છીએ ત્યારે એમની સૂક્ષ્મ ઉપસ્થિતિ અહીં અનુભવીએ છીએ. એમનું સ્મૃતિમંદિર તેનો પ્રત્યક્ષ પુરાવો છે. ત્યાં બેસીને તેઓ શ્રીએ અનેક ગ્રંથોની રચના કરી હતી તેમ જ અનેક પ્રાતઃ-સ્મરણીય સંત મહાત્માઓનાં દર્શન તેમ જ તેમની સાથે પ્રત્યક્ષ વાર્તાલાપ પણ કરેલ.

પૂજ્ય 'મા'ની એ વાણી હતી કે "જ્યાં જ્યાં પૂજ્ય મહાત્માજીનાં ચરણો પડયાં છે તે સ્થાન અમારે માટે તીર્થ સમાન છે. મહાત્માજીની સતત સાધનાદ્વારા સિદ્ધ થયેલ તપોભૂમિ અમારે માટે મહા તીર્થરૂપ છે, અને તેઓની સાધનાના પ્રત્યક્ષ ફળરૂપ આ મહાત્મા યોગેશ્વર સરસ્વતિ મંદિર છે. તેના માધ્યમવડે ઉપરોક્ત ત્રણ વિદ્યાશાખાઓ પાંગરી છે.

આજે આ વિદ્યાલયોમાં લગભગ છસ્સો જેટલાં વિદ્યાર્થી ભાઇબહેનો શિક્ષણ પામી રહ્યાં છે. અહીંથી શિક્ષા પામીને સમાજના વિવિધ ક્ષેત્રોમાં પોતાનો ફાળો આપી રહ્યાં છે.

આ યોજના કેમ અને કેવી રીતે કાર્યાન્વીત થઇ તે ટૂંકમાં નીચે રજૂ કરું છું.

વિદ્યાભારતી, અખીલ ભારતી શિક્ષા સંસ્થાન–વિશ્વની એક-માત્ર સ્વાયત્ત શૈક્ષણિક સંસ્થા છે. જેનો ઉદ્દેશ ભારતીય જીવનના આદર્શો, મૂલ્યો તેમ જ સંસ્કૃતિથી પ્રેરાઇને બાળકોનો સર્વાંગી વિકાસ કરવો. આનો આધાર લઇને વિદ્યાભારતીએ પોતાનો અભ્યાસક્રમ નક્કી કરેલ છે. રાષ્ટ્રભક્તિ, શિસ્ત, કૌટુમ્બીક ભાવના, પ્રેમપૂર્વક સંરક્ષણ, ઉલ્લાસપૂર્ણ વાતાવરણ તેમ જ વિદ્યાર્થીના વ્યક્તિત્વનો વિકાસ, શ્રમની પ્રતિષ્ઠા તેમ જ જવાબદારીનું ભાન, વગેરેને તેના પાઠયક્રમની વિશિષ્ટતાઓ લેખાવી શકાય.

વિદ્યાભારતી સાથે જોડાયેલા શિશુમંદિરોનું સંચાલન પ્રાંતીય સમિતિની દ્વારા કરવામાં આવે છે.

આજે ભારતભરમાં લગભગ સત્તર હજાર જેટલાં કેન્દ્રો ચાલી રહ્યાં છે. વિદેશોથી પણ આ પ્રકારના શિક્ષણની માગણી-ઓ આવી રહી છે.



અમારું એ સૌભાગ્ય રહ્યું છે કે ઉત્તરપ્રદેશના ભારતીય શિક્ષા સમિતિ સાથે અમારી સંસ્થા જોડાયેલ છે અને તેના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરે છે.

પરમ પૂજ્ય મા સર્વેશ્વરીએ ૧૯૯૬ માં કહેલ કે ભવિષ્યમાં આ સરસ્વતિ શિશુમંદિર દસમી કક્ષા સુધીનું થશે. પૂજ્ય 'મા'ના આ શબ્દોથી અહીંના સેવાભવી કાર્યકરોએ પ્રેરણા મેળવી ઉત્સાહ-પૂર્વક પ્રયત્નો કર્યા–તેના પરિણામે ૧૯૯૯ ના નવા સત્રથી નવમી કક્ષાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અને આગલે વર્ષે–એટલે ૨૦૦૦ ની સાલમાં દસમી કક્ષાનો પ્રારંભ કરી દેવામાં આવશે.

આમ પૂજ્ય 'મા'ની આગાહી સત્ય ઠરીને રહેશે.

૧૯૯૭ ના ઓક્ટોબરમાં મા શ્રી સર્વેશ્વરીએ ઋષિકેશની મુલાકાત લીધી અને તેઓના વરદ્ હસ્તે શિશુશિક્ષા સમિતિ ઉત્તરાંચલ–ઋષિકેશની મુખ્ય શાખાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તે પ્રસંગે આ સમિતિના પ્રદેશ નિરીક્ષક શ્રી જ્ઞાનસિંહ નેગીએ પૂજ્ય 'મા'ને વિનંતિ કરી કે વિદ્યાભારતીના ઉપરોક્ત મુખ્યાલયના સ્થાન પર એક વિશાળ હોલનું નિર્માણ મહાત્મા યોગેશ્વર સેવા ન્યાસદ્વારા થાય, જેના મારફતે મહાત્મા યોગેશ્વરજીના ઉદ્દેશોનો ફેલાવો અને પ્રચાર ગઢવાલ અને કુમાયુંના બધા જ લગભગ પાંચસો વિદ્યાલયોમાં થાય. પૂજ્ય 'મા'એ થોડો વિચાર કરી તેની મંજૂરી આપી તેમ જ સાથે સાથે કાર્ય કરવાનો ઉત્સાહ પણ વધાર્યો.

તેના ફળ સ્વરૂપ આજે મુખ્યાલયના વિશાળ ભવનનું નિર્માણ થયું છે તેમાં મહાત્મા યોગેશ્વર સેવાન્યાસ–મસૂરી મારફત ઘણી મોટી મદદ કરવામાં આવી છે.

આ પ્રકારે આ વિશાળ ભવનનું સભાખંડનું નિર્માણ થયું છે.

મસૂરીમાં પણ મહાત્મા યોગેશ્વરભવન તેમ જ 'મા' સર્વેશ્વરી-ભવન બનાવવામાં આવ્યાં છે. તેના પરિણામે શિક્ષણનું કાર્ય આગળ વધારવામાં અમે સફળ થયા છીએ.

શ્રી ગાંધીનિવાસ સોસાયટીના પટાંગણમાં આધુનિક સુવિધાઓ યુક્ત 'મા' કક્ષ અતિથિ વિભાગનું નિર્માણ, વિસ્તાર અને વિકાસ કરાયાં છે. તેના નિર્માણમાં ઉપરોક્ત સેવાન્યાસદ્વારા લગભગ ૧૦ લાખ રૂ.ની ઉપર ખર્ચ કરવામાં આવ્યો છે. અને આ બંને ભવન શ્રી ગાંધીનિવાસ સોસાયટીને સોંપવામાં આવ્યાં છે.

મહાત્મા યોગેશ્વર સેવાન્યાસ મસૂરી મારફત, ગરીબ, જરૂરીયાતમંદ અને અસહાય લોકોને સારવાર માટે તેમ જ વિદ્યાલયોની વિભિન્ન પ્રવૃત્તિઓમાં, દર વર્ષે લગભગ–પંદરથી વીસ હજારનું દાન આપવામાં આવે છે. આ પ્રકારે સેવાની આ પ્રવૃત્તિમાં ટ્રસ્ટ તરફથી આજસુધીમાં લગભગ વીસ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે.

આ પ્રસંગે વિદેશ તેમ જ ભારતના પૂજ્ય 'મા'ને મહાત્મા યોગેશ્વરજીના ભક્તોદ્વારા તથા સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટની મદદથી અમે પૂજ્ય મહાત્માજીનું સ્વપ્ન સાકાર કરવા શક્તિમાન બન્યા છીએ.

અમને વિશ્વાસ છે કે પૂજ્ય 'મા'ના સ્નેહપૂર્ણ માર્ગદર્શન મારફત અમે ઉત્તરોત્તર વિકાસ કરવા શક્તિમાન બનીશું. જે જે વ્યક્તિઓ અને સંસ્થાઓએ આ કાર્યમાં અમને મદદ કરી છે તેમના અમે આભારી છીએ.



## * અભિલાષ *

મને તો એક જ આ અભિલાષ:
સુખમાં, દુઃખમાં, સર્વ સ્થિતિમાં,
તું રહે મારી જ પાસ. મને તો૦

કેટકેટલા અનુભવ કીધા! લીધા લ્હાવ અનેક;
દળી દળીને ઢાંકણી–જોગું, વરતાયો ન વિવેક;
અંત સમે તો એકલ આપણ શ્વાસનો શો વિશ્વાસ? મને તો૦

આજ લગી ભવઅટવિ ભટક્યો, અટક્યો ન અક્ષરવાસ;
નશ્વરમાં નજરાયો જીવણ! ચોદિશ માદક રાસ;
ભવભંજન ભીતર–અંતરમાં, દે દે ઉર–અવકાશ. મને તો૦

મૂળમાં ત્હારો, બિચ ભટકાયો, અંતે તો તારો જ દાસ,
દાસ નહીં, નિઃશેષ અંશતવ, મહા શ્વાસનો શ્વાસ;
હે મહાસિંધુ! મહાનલ! બિન્દુ, તણખાને લે પાસ. મને તો૦

સુખમાં, દુઃખમાં, સર્વ સ્થિતિમાં,
હું રહું તારી જ પાસ,
તું રહે મારી જ પાસ. મને તો૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * પ્રાર્થના *

( ગાન )

યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો!
પાપ પંકમાં પરવરતું ને પામરતામાં પોઢે,
પરવશતા ગંધે પમરે–તેમાં પ્રેમ પરમ પલટાવો.
યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો.
શુભ સત્યમાં અટવાયે જે સુંદર સત્ત્વથી નાસે,
રાગ–વિરાગે રાચંતું–તેને તુજ ભક્તિમાં પ્રેરો.
યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો.
નકલી ફૂલની ફોરમ મોહે, સ્થૂળ ક્ષણિકથી રાચે,
મનડું મારીચ શું નાચે–તેને વૃંદાવનમાં વાળો.
યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો.
જ્યોત જીવનની જગવી છે તો સત્વર તેને ઉજાળો,
પરપોટા શા જીવનમાં હો પુણ્ય પરમ પમરાવો.
યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો.
જગજંજાળે આથડતો હું, સદ્‌વિદ્યા વિસ્મરતો,
ભૂલ્યો છું ભવસાગરમાં ત્યારે સદ્‌પંથે લઇ જાઓ.
યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો.
પડયો વિખૂટો તુજથી જ્યારે, ભ્રમમાં અરે ભરાયો,
દયાદૃષ્ટિ કરુણાભર ફેંકી, ડૂબતો મુંને ઉગારો.
યોગેશ્વર! મુજ જીવન જ્યોત ઉજાળો.

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્‌)



જન્મદિન નિમિત્તે પૂ. મા શ્રી સર્વેશ્વરીના શ્રી ચરણોમાં
અર્પણ કરાયેલી એક મૌલિક

# અંગ્રેજી કાવ્યકૃતિ અને તેનો અનુવાદ

રક્ષિતા મ. જોષી

[નોંધઃ–શ્રી રક્ષિતા જોષીએ પોતાના જન્મદિને અંબાજીના સ્વર્ગારોહણમાં ચૈત્રી નવરાત્રિની શિબિર દરમ્યાન આ કવિતા–પૂ. માના આવાસ આગળ બેસીને લખી છે. કુ. રક્ષિતા અંગ્રેજી માધ્યમમાં ભણી છે ને હાલ કોલેજમાં બી.કોમના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે. તેની કાવ્ય રચના મૌલિક છે. અંગ્રેજી કાવ્ય-રચનામાં ઉપયોગમાં લેવામાં આવતા પીંગળશાસ્ત્રનો તેણે અભ્યાસ કર્યો છે કે કેમ, તે ખબર નથી છતાં તેની કૃતિમાં સુંદર ઉમદા ભાવોની અભિવ્યક્તિ, સરસ શબ્દોની પસંદગી અને પ્રાસાનુપ્રાસ ધ્યાન ખેંચે તેટલી હદે જોવા મળે છે. કાવ્યને સારી લયબદ્ધ રીતે ગાઇ શકાય છે. તેની આ રચના જોતાં ભવિષ્યમાં તે અંગ્રેજી ભાષામાં સારાં ભાવવાહી કાવ્યો રચી શકે તેવાં બી પડેલાં દેખાય છે. આ દિશામાં તે ખેડાણ કરતી રહે એવી અપેક્ષા રાખીએ. પૂ. મા–પ્રભુ તેમાં તેને મદદરૂપ થાઓ, એ જ પ્રાર્થના.

અહીં તેની મૂળ અંગ્રેજી કૃતિ અને તેનો ગુજરાતી અનુવાદ–અંગ્રેજી ન વાંચી શકતા ગ્રાહકોને લક્ષમાં રાખી આપ્યો છે.

—તંત્રી]

Dearest MAA,

Today on this special day, I wish to convey.
A thousand feelings I longed to say.
Maa, you are the perfect defi nation
of beauty in simplicity.
Absolutely untouched by pride or vanity.
your face which is so divine and serene.
your kind heart which is so pure and clean.
your humble nature and million dollar smile.
Easily get anyone close to you in a
short while.
Maa, you have given my life a spiritual turn.
I love you more than anyone.
you are a magnet, I am an iron nail.
To remain away from you, I simply fail.
I thank you for all the gifts, you have
bestowed on me.
For all the pleasant things, I speak, here
and see.
Thanks for enriching my life. with light of
every morning.
Thanks for showing me the twilight of
every evening.
Thanks for my parents who are so wonderful
and loving.



Thanks for my sister who has taught.
me the wonders of caring & sharing.
Thanks for always giving me good friends.
With whom joy and laughter have no end.
Thanks for blessing me with such a sound
body and mind.
Thus, in all your ways you have been
very loving and kind.
you are an inseperable part of me.
Without your love where would I be?
To Almighty Maa, I earnestly pray to protect
me every night & day.
Always shower your blessings on me.
In everything I do, please be with me.
I have made many mistakes, big and small.
I am your child, please forgive them all.
At every stage of life, walk by my side.
Please always be my friend,
philosopher and guide.
My world consists of you and only you.
Only what you like, I shall do
you are my life's sunshine.
Always be a loving mother of mine And in the end, this is all, I want to say, Never leave me and go away.

**RAKSHITA**

**સૌથી વ્હાલાં મા,**

આજના ખાસ દિવસે (હે મા,) હું આપની સમક્ષ મારી હજારો લાગણીઓ અભિવ્યક્ત કરવા ઝંખું છું હે મા, આપ તો સાદાઈમાં રહેલી સુંદરતાની વ્યાખ્યા સમાં છો, કારણ કે આપના-માં નથી અભિમાન કે બડાઈનો અંશ. આપની મુખાકૃતિ કેવી દિવ્ય અને સરળ છે. આપનું હૃદય કેવું પવિત્ર અને સ્વચ્છ, આપનો નમ્ર સ્વભાવ અને લાખેણા સ્મિતથી અંકિત મુખ, કોઈને પણ થોડા જ પરિચયે, સહજ રીતે ખૂબ જ નજીક લાવી દે, એવો છે. હે મા, આપે મારા જીવનને એક આધ્યાત્મિક મરોડ આપ્યો છે, તેથી હું બીજા કોઈ કરતાં આપને વધુ ચાહું છું આપ તો લોહચુંબક છો—જ્યારે હું તો તેનાથી આકર્ષિત થતી લોખંડની ખીલી, એથી તો હું ચાહુ તોપણ (આપનાથી દૂર જઈ શકતી નથી) તેમ કરવામાં નિષ્ફળ જાઉં છું.

આભાર વ્યક્ત કરું છું જે બધી ભેટોથી આપે મને નવાજી છે તે બદલ, જે સુંદર વસ્તુઓનું અહીં દર્શન અને વર્ણન કરું છું તે બદલ આભાર માનું છું. મારા જીવનને ઉષાનાં અજવાળાં અને સંધ્યાની સુરખીઓથી સમૃદ્ધ કરવા બદલ. હે મા, આભાર માનું છું. મને ખૂબ અદ્‌ભુત અને પ્રેમાળ મા—બાપ, સરસ ભગિની જેણે મને સેવા અને ભાતૃભાવની મહત્તા સમજાવી, વળી એવા સરસ મિત્રો જેમની સાથે આનંદ અને હાસ્યની અનંત છોળો માણી શકાય તે આપવા બદલ આભાર માનું છું. હે પ્રભુ, તેં મને કેવું તંદુરસ્ત શરીર અને મન આપ્યાં છે તે બદલ, આમ બધી જ રીતે મને ભેટો ધરવામાં તું પ્રેમાળ અને દયાળુ રહ્યો છે, તે બદલ તું મારા જીવનનો અવિભાજ્ય અંગ બની રહ્યો છે, બોલ, તારા પ્રેમવિના હું શું હોત? હે સર્વ સમર્થ મા, હું તને અંતઃકરણપૂર્વક



પ્રાર્થું છું કે તું મારી દિવસ અને રાત રક્ષા કરજે અને તારા આશીર્વાદ વરસાવતી રહેજે. હું જે કંઈ કરું તેમાં મને સાથ ધરતી રહેજે. આપનું નાનું બાળક છું એમ ગણી ક્ષમા આપજે. હે મા જીવનના હર તબક્કામાં મારી લગોલગ ચાલીને મને સાથ ધરજે, મારા મિત્ર, સલાહકાર અને માર્ગદર્શક બનતાં રહેજો. હે મા, મારી દુનિયા એક માત્ર આપથી જ સભર હોજો.

આપને જ જે ગમે, તે જ મારી કૃતિ બની રહો. હે મા, આપ તો મારા જીવનનો પ્રકાશ છો, આપ મારાં પ્રેમાળ મા સદા બની રહો એ જ પ્રાર્થના.

અંતમાં હે મા! મારે એટલું જ કહેવાનું છે કે મને છોડીને તમે કદીય દૂર ના જતાં.

---

ગુરુદેવો ભવ જય કૃપાળુ મા માતૃદેવો ભવ

## ઋણ સ્વીકાર

અમારા પૂ. માતાજી મંજુલાબેન ભોજાણીના નિધન પ્રસંગે દેશ–વિદેશના અનેક સાધક ભાઈબહેનોએ રૂબરૂ, તાર, ટપાલ, ટેલીફોનથી અમારા પરિવારને હિમ્મત અને આશ્વાસન આપેલ છે તે સૌનો વ્યક્તિગત આભાર માનવાનું અશક્ય હોવાથી અમો તે સહુ ભાઈબહેનોનો આથી જાહેર આભાર માનીએ છીએ અને સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે પૂ. મા–પ્રભુને પ્રાર્થીએ છીએ.

મનીષ હરિભાઈ ભોજાણી
ચેતના ભોજાણી
મીના કોટેચા

# આરોગ્ય સોપાન

હરીશભાઈ મગનલાલ કોન્ટ્રાક્ટર

**આશય**

પ્રસ્તુત લેખમાળામાં આરોગ્ય અંગેના વિવિધ પાસાઓ : જેવા કે માનવશરીરની દુર્લભતા, વિશેષતા, તેનાં રહસ્યો, આરોગ્ય પર અસર કરતા પરિબળો જેવાં કે હવા, પાણી, વસ્ત્રો, વાતાવરણ, આહાર, વિહાર, દિનચર્યા, ઋતુચર્યા, વ્યાયામ, આસન, પ્રાણાયામ (પ્રાણાયામ શું છે; પ્રાણાયામનું મહત્ત્વ, લાભ કે ફાયદાઓ, તેના વિવિધ પ્રકારો–તેમાં રાખવાની થતી સાવધાની), રોગો સારા કરવાની વિધ વિધ પદ્ધતિઓ, કુદરતી ઉપચાર પ્રણાલિનો તુલનાત્મક અભ્યાસ, જાહેર સુખાકારી, આધુનિક વૈજ્ઞાનિક શોધો તથા સાધનો–તેનો શરીર–મન પર પ્રભાવ તથા તેના માઠા કે વિનાશક પરિણામો નિવારવાની સરળ રીતો વગેરે વગેરે પર શક્ય તેટલો પ્રકાશ પાડવાની ઈચ્છાથી પ્રેરાઈને આ લેખમાળા લખવા કદમ ઊઠાવું છું. આધ્યાત્મિક પ્રગતિનો ઘણો આધાર સ્વસ્થ શરીર અને મન પર રહેલો છે, તે ધ્યાનમાં લેતાં, આરોગ્ય અંગેની વિચારધારા અધ્યાત્મની ભાવનાને અનુરૂપ છે તેમ દૃઢપણે માનું છું.

**માનવશરીર**

પરમકૃપાળુ પરમાત્માએ બ્રહ્માદ્વારા આ સૃષ્ટિનું સર્જન કર્યું છે, તેમાં અનેક જાતનાં પશુઓ, પક્ષીઓ, કીટપતંગો, જળચર જગતની અસંખ્ય જાતની માછલીઓ, વિવિધ રંગ, આકાર અને



પરિમલ પ્રસરાવતાં પુષ્પો, ફળફળાદિ આપતાં વૃક્ષો, અસંખ્ય વનસ્પતિઓ, વેલો, નરી આંખે ન દેખાતી અનેકવિધ જીવજંતુ સૃષ્ટિ વગેરે અસ્તિત્વ ધરાવે છે; પરંતુ તે બધા કરતાં ચઢિયાતું, સૌથી શ્રેષ્ઠ સર્જન હોય તો તે માનવશરીરનું છે, તેમ ઊંડાણથી વિચાર કરતાં સ્હેજે સમજાય છે. તેથી જ માનવશરીરને સર્જનહારની સર્વોત્તમકૃતિ કહેવામાં આવે છે.

તેના વિવિધ અંગો તથા તેમનાં કાર્યો એટલાં બધાં રહસ્યમય અને આશ્ચર્ય પમાડે એવાં છે કે સૈકડો વર્ષોથી માનવી અનેક વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા પણ તેનો પૂરો તાગ મેળવી શક્યો નથી. શરીરનાં અંગો જેવાં કે મગજ, હૃદય, ફેફસાં, કિડની, આંખ, જીભ, આંતરડાં ઈત્યાદિની ગૂઢ, સૂક્ષ્મ અને અવિરત ચાલતી ક્રિયાઓનો થોડો પણ અભ્યાસ કરવાથી ગમે તેવા નાસ્તિકનું મસ્તક પણ તેનું સર્જન કરનાર ઈશ્વર આગળ ઝૂકી પડે છે.

ઈશ્વરે માનવને આપેલી અમૂલ્ય ભેટ એટલે માનવ–શરીર. આ શરીર ભલે રોગોથી ગ્રસ્ત થનારું અને ક્રમે ક્રમે ક્ષીણ થઈ એક દિવસ સદાને માટે અટકી જનારું નાશવંત હોય કે તેનાં નવદ્વારો મારફત સતત ગંદકી ફેંકતું હોય, પરંતુ તેથી તેની ઉપેક્ષા કરવી કે તેનો અનાદર કરવો જરાપણ વ્યાજબી નથી. શરીર ગંદકીનું ઘર જરૂર છે, પરંતુ એ સાથે એ ન ભૂલવું જોઈએ કે તેમાં પરમાત્માનો પરમ પ્રકાશ રહેલો છે; પરમાત્મા પોતે માનવ શરીરરૂપી મંદિરમાં બિરાજે છે. શરીરનું વધુ પડતું લાલનપાલન ભલે ન કરીએ, કે તેમાં આસક્તિ કે માયા ભલે ન રાખીએ, પરંતુ તેની જરૂરી સારસંભાળ રાખી તેનું કાળજીપૂર્વક જતન કરીએ તે ખૂબ આવશ્યક છે.

આપણાં શાસ્ત્રોએ માનવદેહને ખૂબ મોંઘો અને દુર્લભ ગણ્યો છે. કહેવામાં આવ્યું છે કે ચોર્યાસી લાખ યોનિઓમાંથી અનેકવિધ કષ્ટો વેઠી પસાર થયા બાદ જ માનવદેહની પ્રાપ્તિ થાય છે. ફક્ત માનવને જ ભગવાને બુદ્ધિ આપી છે, જેની મદદથી તે સારા-સારનો વિવેક કરી, નરમાંથી નારાયણ બની શકે છે. સંતશિરોમણિ ગોસ્વામી તુલસીદાસે તેથી જ ગાયું છે કેઃ–

"બડે ભાગ માનુષ તન પાવા,
સુરદુર્લભ સદ્‌ગ્રંથન ગાવા."

મોટું ભાગ્ય હોય તો જ દેવોને પણ દુર્લભ તેમ જ સત્શાસ્ત્રો જેનું અહર્નિશ ગુણગાન ગાતાં થાકતાં નથી તેવો માનવદેહ પ્રાપ્ત થાય છે.

આદ્યશંકરાચાર્યે પણ આ જગતમાં ત્રણ વસ્તુઓ અતિશય દુર્લભ ગણાવી છે. ૧. મનુષ્યશરીર. ૨. મુક્તિની ઇચ્છા અને ૩. સત્સંગ. તેથી જ આપણા ઋષિમુનિઓએ પણ **शरीरमाद्यं खलु धर्मसाधनम्** કહ્યું છે. ફક્ત ધર્મસાધના જ શા માટે? સંસારની કોઇ પણ ભૌતિક કે આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવા માટે શરીરની આવશ્યકતા પ્રથમ સ્થાને છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એવી આપણી કહેવત આ જ વસ્તુ કે વાતને પુષ્ટિ આપે છે.

ઈશ્વરની પ્રાપ્તિ, આત્મસાક્ષાત્કાર કે મોક્ષ એ આપણા જીવન-નું અંતિમ લક્ષ્ય છે, અને તેની પ્રાપ્તિ માટે શાસ્ત્રોએ બતાવેલ જ્ઞાન, ભક્તિ, કર્મ કે યોગમાર્ગમાં પ્રવૃત્ત થવા માટે શરીરરૂપી સાધન સ્વસ્થ હોવું ખૂબ આવશ્યક છે.

ભગવાને આપણને ફક્ત શરીર જ નથી આપ્યું; તે સાથે મન, બુદ્ધિ ચિત્ત અને અંતરાત્મા પણ છે. તો સ્વસ્થ માનવ કોને



કહેવો? તેની સંપૂર્ણ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. જેના શરીર, મન, બુદ્ધિ, આત્મા પ્રસન્ન છે, જેના વાત, પિત્ત, કફ સપ્રમાણ રહે છે, જે ઋતુએ ઋતુને માણી શકે છે (એટલે કે શિયાળની ઠંડીને હસતાં હસતાં આવકારે છે, તો ઉનાળાના પ્રખર તાપને તિરસ્કારતો નથી તેમ જ ચોમાસાના આકાશ–અવનીને એક કરતા વરસાદને પણ પ્રેમથી સ્વીકારે છે–સત્કારે છે), જેને ખોરાક-નું પાચન સરળતાથી થાય છે–સાચી ભૂખ લાગે છે, તેમ જ પ્રગાઢ નિદ્રા માણી શકે છે, છતાં સદાયે ચપળ, તેજસ્વી હળવાફૂલ જેવો છતાં તંદુરસ્ત રહી પોતાને ફાળે આવેલી કોઇ પણ પ્રવૃત્તિ આસાનીથી કરી શકે છે, તેને સ્વસ્થ કહેવામાં અતિશયોક્તિ નથી.

સ્વસ્થ રહેવું દરેકને ગમે છે, કારણ કે તે તેનો જન્મજાત સ્વભાવ છે. પરંતુ ફક્ત ઇચ્છા કરવાથી કે કલ્પનાવિહાર કરવાથી તંદુરસ્તી પ્રાપ્ત થતી નથી. તે માટે યોગ્ય દિશામાં પ્રયત્નો કરવા પડે છે. એ પ્રયત્નો કે પ્રયાસ કરવામાં આળસ કે બેદરકારી મોટાભાગના માણસો સેવતા હોય છે, અને તેથી જ સ્વસ્થ કે તંદુરસ્ત રહેવું તેમને માટે સ્વપ્નવત્ બની જાય છે. સ્વસ્થ રહેવામાં સહાયભૂત થતાં કેટલાક પરિબળોની હવે પછી ચર્ચા કરીશું.

(ક્રમશઃ)

એક ઉપયોગી પુસ્તિકા

# સાવધાન, પાનખર આવશે જ

તંત્રી

ભાવનગર વાનપ્રસ્થવૃંદ તરફથી 'સાવધાન, પાનખર આવશે જ.' નામની એક ૩૬ પાનાની પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આજનો યુવાન પચ્ચીસ વર્ષ પછી વૃદ્ધ થવાનો છે. તો વૃદ્ધાવસ્થા આવતાં પહેલા આર્થિક, શારીરિક અને માનસિક કેવી તૈયારીઓ કરી રાખવી જોઇએ, જેથી ગમે તે પરિસ્થિતિમાં માણસ પોતાની જાતને, કોઇ પણ પ્રકારના માનસિક તનાવ કે સંઘર્ષ વિના, ઉત્તમ રીતે ગોઠવી શકે.

આ ઉપરાંત, જે લોકો આજે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરી ચૂક્યા છે, તેઓએ પોતાની જીવનશૈલી કેવી રીતે ગોઠવવી, જેથી પ્રસન્નતાપૂર્વક વિપરિત પરિસ્થિતિમાં જીવી શકાય. આ માટેનાં કેટલાંક સૂચનો છે. એ દૃષ્ટિએ જોઇએ તો આ પુસ્તિકા સહુ માટે ઉપયોગી છે તેની ભારતમાં કિમ્મત છે. રૂા. ૧૦+૨ બુકપોસ્ટના.

* પુસ્તિકાનું પ્રાપ્તિસ્થાન *

શ્રી નાનુભાઇ જ. પંડયા
'વંદના', પ્લોટ નં. ૨૯, વિદ્યાનગર,
પોલિટેકનીક રોડ, ભાવનગર-૩૬૪૦૦૨


જેમ આરસી બદલવાથી વ્યક્તિનું સ્વરૂપ બદલાઇ જતું નથી, તેમ વેષ બદલવાથી વ્યક્તિનું આંતરિક કલેવર બદલાઇ જતું નથી. તે તો તેનું તે જ રહે છે. એટલે બહારનો વેષ બદલવાને બદલે અંતર બદલવા-સારું કરવા-પુરુષાર્થ કરો.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E-mail :
hpathakji @ yahoo . Com

# શ્યામદાસ સુથાર

સ્વ. પ્રા. રમેશભાઇ પરીખ

ત્રિવેણીસંગમના કાંઠે પ્રયાગરાજ નામનું તીર્થસ્થાન આવેલું છે. ત્યાંથી થોડાક માઇલ દૂર શ્રીયમુનાજીના કિનારે અડેલ નામનું નાનકડું ગામ હતું. ત્યાં એક સુથાર રહે. નામ હરિવલ્લભ. કુટુંબના નિર્વાહ માટે લીલાં વૃક્ષો કાપી, તેનું લાકડું વેચે. લગ્ન પછી દસકો પસાર થયો, પણ સંતાનસુખ ન મળ્યું. એટલે તે દુઃખી થયો. તેણે નિયમ લીધો કે દર વર્ષે મકરસંક્રાંતિથી લઇને એક માસ સુધી નિત્ય પ્રયાગરાજ જવું. ત્યાં ત્રિવેણીસંગમમાં સ્નાન કરી, ત્રિવેણીનું પૂજન કરવું.

હરિવલ્લભે આ નિયમનું ચુસ્તીથી પાલન કરવા માંડયું. તે દરમ્યાન એક દિવસે રાતે તે સંગમસ્થળે સૂઇ રહ્યો હતો. તેને સ્વપ્નમાં આજ્ઞા થઇ કે તારા નિયમથી અમે પ્રસન્ન છીએ. પરંતુ તારે લીલાં વૃક્ષ કાપવાં નહિ. વૃક્ષ ભગવદ્દભક્તનું સ્વરૂપ છે. અમારા ભક્તને કોઇ જરા પણ દુઃખ પહોંચાડે તો તે અમે સહન કરી શકતા નથી. આજીવિકા માટે સૂકાં વૃક્ષો શોધીને કાપવાં. વળી, તારા ગામ પાસે શ્રીયમુનાજી બિરાજે છે. તે સકલ સિદ્ધિ આપનારાં છે. માટે, તું નિત્ય શ્રીયમુનાજીમાં સ્નાન કરી, તેમનું પૂજન કરજે. અહીં સુધી આવવાની જરૂર નથી. શ્રીયમુનાજીના પૂજનથી તારી મનોકામના પૂર્ણ થશે. તારે ઘેર એક પરમ ભગવદીય ભક્ત–પુત્ર જન્મશે.'

તે દિવસે સવાર થતાં હરિવલ્લભે ત્રિવેણીસ્નાન કરી,



ત્રિવેણીપૂજન કર્યું. હરખાતો–હરખાતો અડેલ પોતાના ઘેર આવ્યો. સ્વપ્નમાં થયેલી આજ્ઞા પ્રમાણે જીવન જીવવા લાગ્યો.

થોડા વખત પછી સંવત્ ૧૫૩૫ ની સાલ આવી. ચૈત્ર વદ ૧૧ નો દિવસ ઊગ્યો. ચંપારણ્યમાં શ્રીવલ્લભ પ્રકટ થયા. પૃથ્વી ઉપર આનંદમંગલ થઇ ગયો. ત્યારબાદ છ મહિના વીત્યા. આસો મહિનામાં હરિવલ્લભ સુથારને ત્યાં પુત્રનો જન્મ થયો. જન્મતાં જ તે હસતો હતો. સામાન્ય રીતે નવજાત બાળક રડે, ત્યારે આ બાળકને હસતું જોઇ, સૌને આશ્ચર્ય થયું. સૌએ પનોતા પુત્રનાં પગલાં વધાવ્યાં. તેનું નામ શ્યામદાસ પાડવામાં આવ્યું.

નિત્યલીલામાં શ્યામદાસ શ્રીદામા સખાનું સ્વરૂપ છે. શ્રીદામા સખા શ્રીરાધિકાજીના કાકાના દીકરા ભાઇ થાય. શ્રીકૃષ્ણના તેઓ પરમ અંતરંગ સખા છે. શ્રીકૃષ્ણના સખા અને સાળા બંને છે. શ્રીકૃષ્ણ અને શ્રીરાધાજી વચ્ચે સંદેશાની આપ–લે કરે છે. બંનેનું ગુપ્ત રીતે મિલન કરાવે છે. તેથી બંનેના પ્રીતિપાત્ર છે.

એક દિવસ ગૌચારણમાં શ્રીકૃષ્ણની સાથે તેઓ ગયેલા. ત્યાં બપોરે ખેલખેલમાં સખાભાવથી તેઓ શ્રીકૃષ્ણના ખભા પર ચઢી ગયા. આ દૃશ્ય દૂરથી શ્રીરાધાજીએ જોયું. તેઓ નારાજ થયાં. તેમણે શ્રીદામાને બોલાવી ઠપકો આપ્યો : 'ભાઇ, તમે આ યોગ્ય કર્યું નથી. તમે શ્રીકૃષ્ણને શું સમજો છો? તમે તેમને આવો શ્રમ કેમ કરાવ્યો? તમે નિત્યલીલામાં રહેવાને લાયક નથી, જાવ પૃથ્વી ઉપર જન્મ લો.'

શ્રીરાધાજીએ આપેલા દંડને કારણે શ્રીદામા સખા શ્યામદાસ સુથારરૂપે જન્મ્યા હતા, પરંતુ નિત્યલીલાના સંબંધે તેમને શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી સાથે વિશુદ્ધ સ્નેહનો સંબંધ રહ્યો

છે. પૃથ્વી પર શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીનીજી શ્રીમહાપ્રભુજી સ્વરૂપે પ્રગટ થયાં છે, તેથી શ્યામદાસજીને શ્રીમહાપ્રભુજીમાં નિષ્કામ વિશુદ્ધ સ્નેહ પ્રગટ થયો. શ્યામદાસજી એટલે વિશુદ્ધ નિષ્કામ પુષ્ટિપ્રેમનું સાક્ષાત્ સ્વરૂપ.

શ્યામદાસજી બાળક હતા, ત્યારથી તેમને સ્વપ્નમાં ઇલમ્માગારુજીની ગોદમાં ખેલતા શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં. આવાં દર્શન જ્યારે જ્યારે થાય, ત્યારે ત્યારે તેઓ ખડખડાટ હસતા. શ્રીમહાપ્રભુજી પણ પોતાના અલૌકિક સ્વરૂપથી શ્યામદાસજી પાસે પધારતા અને પોતાનાં દર્શન આપતા. આમ, બાળપણથી જ શ્યામદાસજીને શ્રીમહાપ્રભુજીમાં સર્વાત્મભાવ સિદ્ધ થઇ ગયો હતો.

આમ કરતાં કરતાં શ્યામદાસજીની ઉંમર ૨૩ વર્ષની થઇ. તેમની જ્ઞાતિની એક સારી–સંસ્કારી કન્યા સાથે તેમનાં લગ્ન થયાં, પરંતુ તેમનું ચિત્ત ક્યારે ય સંસારમાં લાગ્યું નહિ. તેઓ કુટુંબીજનો સાથે કામ પૂરતી જ વાત કરે, આજીવિકા માટે કશું કરી શકે નહિ. એકાંતમાં ગૂમસૂમ બેસી રહે. ક્યારેક વિરહમાં રડે, ક્યારેક શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં હસી પડે. તેમની વ્યાકુળતા જોઇને ઘરમાં સૌને ચિંતા થતી. તેમને ખાનપાનની પણ ઇચ્છા થતી નહિ.

શ્રીમહાપ્રભુજીએ ત્રણ ભારત–પરિક્રમા પૂરી કરી. સ્થિરવાસ કરવાનો નિર્ણય કર્યો. તેમનાં માતાજીનો આગ્રહ હતો કે કાશીમાં જ્યાં વર્ષોથી તેઓ રહે છે, ત્યાં જ સ્થિરવાસ કરવો. પરંતુ શ્રીવલ્લભને શ્યામદાસજીને અલૌકિક સુખ આપવું છે. તેથી શ્રીવલ્લભે કાશીમાં સ્થિરવાસ ન કરતાં, અડેલ પસંદ કર્યું. માતા ઇલ્લમાગારુજી અને વહુજી શ્રીમહાલક્ષ્મીજીની સાથે શ્રીવલ્લભ શ્રીયમુનાજીના કિનારે અડેલ ગામ પધાર્યા. તેમના સેવકોએ ત્યાં



તેમના માટે સાદી પર્ણકુટિઓ બનાવી. તેમાં તેઓ સદાને માટે બિરાજ્યા.

શ્યામદાસ સુથારે શ્રીવલ્લભના પધારવાની વાત જાણી. તેઓ દોડતા દર્શન કરવા આવ્યા. શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન થતાં તેમના સ્વરૂપમાં ખોવાઇ ગયા. નેત્રોમાંથી હર્ષાશ્રુની ધારાઓ વહેવા લાગી. તેમણે દંડવત કરી, વિનંતી કરી : 'હે પ્રભુ ! હજારો વર્ષોથી તમારાથી મારી ભૂલના કારણે વિખૂટો પડી ગયો છું. આજે આપે કૃપા કરી, મને દર્શન આપ્યાં છે. મને અનાથને સનાથ કરો. સદા આપના ચરણારવિંદમાં મને રાખો. ફરી ક્યારેય આપને શ્રમ ન કરાવું, એવી બુદ્ધિનું દાન કરો.'

શ્રીમહાપ્રભુજીએ મંદ સ્મિત કરીને કહ્યું : 'તમે તમારી જ્ઞાતિમાં ખાનપાન કરો છો. તમારી જ્ઞાતિ શૂદ્ર છે. તમારાથી પુષ્ટિમાર્ગીય ધર્મનું પાલન કેવી રીતે થશે?'

શ્યામદાસે બે હાથ જોડી વિનંતી કરી : 'પ્રભુ ! આપ જેમ આજ્ઞા કરશો તેમ જીવન ગુજારીશ. આજ્ઞા કરશો તો ઘર અને કુટુંબ છોડી દઇશ, તેમના હાથનું ભોજન પણ નહિ કરું, પણ હવે આપ વિલંબ ન કરો, કૃપા કરી મને તરછોડશો નહિ, મારી એક જ ઇચ્છા છે–હું સદા આપની સન્મુખ બેસી રહું અને આપનાં દર્શન કર્યાં કરું.'

શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઇ આજ્ઞા કરી : 'ભલે, જાવ. શ્રીયમુનાજીમાં સ્નાન કરીને આવો.'

શ્યામદાસજી સ્નાન કરીને આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીઅષ્ટાક્ષરમંત્ર અને શ્રીબ્રહ્મસંબંધમંત્રની દીક્ષા આપી. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક બન્યા. તે જોઇને તેમના ઘરનાં સર્વે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યાં.

શ્રીમહાપ્રભુજીના સેવક થયા પછી શ્યામદાસજીએ બધાં જ લૌકિક કાર્ય છોડી દીધાં. શ્રીમહાપ્રભુજી જાગે તે પહેલાં તેમની પર્ણકુટિ બહાર આવીને બેસી જતા. દ્વાર ખૂલે એટલે શ્રીમહાપ્રભુજીનાં દર્શન અપલક નેત્રે કરતા. દ્વાર પર જ આખો દિવસ બેસી રહેતા. જ્યારે જ્યારે શ્રીમહાપ્રભુજીનાં દર્શન થાય, ત્યારે ત્યારે દર્શન કરે. દર્શન ન થાય ત્યારે અપલક નેત્રે શ્રીમહાપ્રભુજીની વાટ જોતા, વિરહમાં રડ્યા કરે.

શ્રીમહાપ્રભુજી પણ શ્યામદાસજીના વિશુદ્ધ સ્નેહથી પ્રસન્ન થઈ, તેમને પોતાના લાવણ્યામૃત, હાસ્યામૃત અને અધરામૃતનું પાન કરાવતા. શ્યામદાસજી પોતાના દેહનું ભાન ભૂલી જતા, શ્રીમહાપ્રભુજીમય બની જતા. તેઓ શ્રીમહાપ્રભુજીનું ઘર છોડીને પોતાના ઘેર પણ જતા ન હતા. રાત પડે શ્રીમહાપ્રભુજીની પર્ણકુટિનાં દ્વાર બંધ થાય ત્યારે મૂર્ચ્છા ખાઇ, દ્વાર પાસે પડી જતા. તેમનાં કુટુંબીજનો તેમને ઊંચકીને ઘેર લઇ જતાં. બીજા દિવસે સવારે તેઓ શ્રીમહાપ્રભુજીની પર્ણકુટિએ દોડ્યા આવતા. શ્યામદાસજીની આ વિરહ સ્થિતિમાં તેમને આશ્વાસન આપવા અડેલ ગામના વૈષ્ણવો અવાર–નવાર શ્યામદાસજીને ત્યાં આવતા. તેમાં રજોબાઇ પણ હતાં. રજોબાઇ શ્યામદાસજીની સંભાળ લેતાં. તેમને ભૂખ–તરસનું ભાન રહેતું ન હોવાથી સમય સમયે પ્રસાદી જળ પાઇ, મહાપ્રસાદ આપતાં.

એક દિવસ શ્યામદાસનાં માતાપિતા શ્યામદાસની રીતભાતથી બહુ જ દુઃખી અને કાયર થઇ ગયાં. શ્યામદાસને સમજાવવાના તેમના બધા પ્રયત્ન નિષ્ફળ ગયા હતા. શ્યામદાસના પિતા હરિવલ્લભે તેની પત્નીને કહ્યું : 'ભાગ્યવાન, હવે એક જ ઉપાય બાકી



રહ્યો છે. શ્રીવલ્લભાચાર્યનાં માતા ઇલમ્માગારુજી પાસે તમે જાવ. આપણી દુઃખી સ્થિતિ એમને કહો. તેઓ તેમના પુત્રને સલાહ આપશે, તો જ આપણો શ્યામદાસ એમના મોહપાશમાંથી બચી શકશે. આજે તો શ્યામદાસની સ્થિતિ એવી થઇ છે કે તે શ્રીવલ્લભાચાર્યજી સિવાય બીજું કંઇ જોતો જ નથી! ઘણા સાધુ–બાવાઓ ભલાભોળા બાળકો અને યુવાનોને તેમના મોહપાશમાં આવી રીતે ભોળવીને રાખતા હોય છે.' શ્યામદાસનાં માતા સાંજે ઇલમ્માગારુજી પાસે ગયાં. હાથ જોડીને વિનંતી કરી : 'માતાજી! અમારે એકનો એક દીકરો શ્યામદાસ છે. તે તમારા પુત્ર પાછળ ગાંડો બન્યો છે. સવારથી રાત સુધી તમારા ઘરના દરવાજા પાસે જ બેસી રહે છે. તમારા પુત્રનું જેટલી વાર મુખ જોવા મળે, એટલી વાર જોયા કરે છે. રાતે એને ઊંચકીને ઘેર લાવવો પડે છે. પાગલ જેવી સ્થિતિમાં તે ઘરમાં રહે છે. ખાનપાનનું ભાન હોતું નથી. ક્યારેક તો અમને ઓળખતો પણ નથી, ક્યારેક હસ્યા કરે છે, તો ક્યારેક રડ્યા કરે છે! આને કારણે તે ઘરમાં કંઇ ધંધો–રોજગાર કરતો નથી. તેને પરણાવેલો છે. વહુ અમારા ઘેર છે, તે પણ શ્યામદાસના આવા વર્તનથી ઘણી દુઃખી છે. વહુનું દુઃખ અમારાથી જોવાતું નથી. તમે તમારા પુત્રને સમજાવો. તેઓ અમારા છોકરાને સમજાવે. તેનું મગજ ઠેકાણે આવે, ઘરમાં રહે, ધંધો–રોજગાર કરે. એની વહુને સાચવે તો અમારી પાછલી જિંદગીનો ઘરસંસાર શાન્તિથી વીતે.'

ઇલમ્માગારુજીએ કહ્યું : 'બહેન, તમારી વાત હું મારા પુત્રને જરૂર કહીશ. તેઓ ઘણા દયાળુ છે. બીજા સાધુ–બાવાઓની જેમ તેઓ કોઇના ઉપર વશીકરણ વિદ્યા અજમાવતા નથી, કોઇને બળજબરીથી પોતાના શિષ્ય કરતા નથી. તારા પુત્રની હાલત સુધરે અને તમારું દુઃખ દૂર થાય એવું તેઓ જરૂર કરશે.'

તે દિવસે રાતે ઇલમ્માગારુજીએ શ્રીવલ્લભને સર્વ હકીકત કહી. શ્રીવલ્લભે કહ્યું : 'માતાજી! આમાં મારો કોઇ દોષ નથી. હું શ્યામદાસને બોલાવવા કદી ગયો નથી. તેની સાથે વાતચીત કરતો નથી. તે તેની ઇચ્છાથી આવે છે અને બેસી રહે છે. કદાચ તે મારું કહ્યું પણ નહિ માને. તમે જ એવો કોઇ બંદોબસ્ત કરો કે તે અહીં બેસી રહે નહિ.'

ઇલમ્માગારુજીએ થોડાક વૈષ્ણવોને બોલાવ્યા. તેમણે વૈષ્ણવોને કહ્યું : 'તમે શ્યામદાસને સમજાવો. તે આવી રીતે અહીં બેસી રહે છે, તેથી અમારી બદનામી થાય છે. તેનાં ઘરવાળાં શ્રીવલ્લભ પર શંકા કરે છે. તેનાં ઘરવાળાં પણ દુઃખી છે. તો તે અહીં બેસી ન રહે, ઘેર રહી ધંધો–રોજગાર કરે, એની જવાબદારી ઊઠાવે. એ એકવાર ભલે શ્રીવલ્લભનાં દર્શન કરવા આવે, પણ તરત જ ઘેર પાછો જતો રહે.'

વૈષ્ણવો શ્યામદાસના હૃદયને જાણતા હતા. શ્રીવલ્લભ માટે શ્યામદાસને વ્યસન સિદ્ધ થઇ ગયું છે એની તેમને ખબર હતી. એ અવસ્થામાં શ્યામદાસ બીજું કંઇ કરી કે તેમ ન હતા, તેની તેમને ખાત્રી હતી. એટલે તેમણે વિચાર કર્યો કે આપણા કહેવાથી શ્યામદાસ માનશે નહિ. શ્યામદાસનું મન શ્રીવલ્લભમાં એવું લાગી ગયું છે કે તે એમના પોતાને વશ નથી! આથી વૈષ્ણવોએ શ્રીવલ્લભને વિનંતી કરી : 'મહારાજ! શ્યામદાસના ઘરમાં અતિ ક્લેશ થઇ રહ્યો છે. આપ કૃપા કરો તો બધાંના હૃદયમાં શાંતિ થાય. આપ શ્યામદાસને આજ્ઞા કરશો તો જ શ્યામદાસ માનશે. આપની આજ્ઞાનું તેઓ જરૂર પાલન કરશે. અમારી વાત તેઓ ધ્યાન ઉપર લેશે નહિ.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'શ્યામદાસને મારી પાસે અંદર મોકલો.'



વૈષ્ણવો શ્યામદાસને શ્રીમહાપ્રભુજી પાસે બોલાવી લાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને બેસવા ઇશારાથી આજ્ઞા કરી. શ્રીમહાપ્રભુજીએ શ્યામદાસનાં નેત્રોમાં નેત્રો પરોવી, પોતાનું અલૌકિક ભાવાત્મક સ્વરૂપ શ્યામદાસનાં નેત્રોમાં અને હૃદયમાં પધરાવી દીધું. પછી આજ્ઞા કરી : 'શ્યામદાસ, તમારું મન અમે સમજીએ છીએ, પરંતુ આપણે લોકાપવાદનો પણ ખ્યાલ રાખવો જોઇએ. તમે ઇચ્છો છો કે જગતમાં અમારી અપકીર્તિ થાય? તમે ઇચ્છો છો કે જગતમાં તમારી વિશુદ્ધ ભક્તિ વગોવાય? તમારાં માતા-પિતા અને પત્ની તરફ પણ તમારું કર્તવ્ય છે. તમે ગૃહસ્થ છો. ઘરમાં રહીને, ઘરની જવાબદારી બજાવતાં–બજાવતાં ભક્તિ કરવાની છે. માટે, તમે તમારા ઘેર જાવ. સવારે એક વખત આવી, મારાં દર્શન ભલે કરી જજો.'

શ્યામદાસ રડતી આંખે ડૂસ્કાં ભરતાં–ભરતાં કહેવા લાગ્યા : 'પ્રાણનાથ! આપની આજ્ઞાનું પાલન તો કરીશ, પણ મને ભય છે કે આપના વિના હું એક ક્ષણ પણ જીવી શકીશ નહિ. ઘરમાં અને ધંધામાં મારું ધ્યાન લાગશે નહિ.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'શ્યામદાસ, શ્રીઠાકોરજી સર્વ સારું કરે છે. સર્વ કંઇ શ્રીઠાકોરજીની ઇચ્છાથી થાય છે. માટે તમે જરા પણ ચિંતા કરશો નહિ. પોતાના ભક્તનું સર્વ કંઇ શ્રીઠાકોરજી સંભાળી લે છે. તમે ઘરમાં રહેશો તો ત્યાં તમને હું સતત દર્શન આપીશ. ઘરમાં રહી, ધંધો કરવા છતાં તમારું મન મારામાં જ લાગેલું રહેશે. તમને મારો જરા ય વિયોગ રહેશે નહિ.'

શ્યામદાસે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સ્વીકારી. દંડવત કરી, ઘેર ગયા. બહારથી સ્વસ્થ હતા. ઘરનાં માણસો રાજી થયાં. તેઓ

વિચાર કરતાં હતાં કે ભલે ઘરનું કામકાજ ન કરે, પણ ઘરમાં રહે તો યે ક્યાંથી? દિવસ જતાં ધીમે ધીમે કામકાજ પણ ઉપાડી લેશે. સૌ શ્યામદાસની ઘરમાં સારી સંભાળ પણ રાખતાં.

શ્યામદાસ રોજ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવતા. દર્શન કરી, ચાલ્યા જતા. ઘરમાં ક્યાંક સૂનમૂન બેસી રહેતા, શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં ખોવાયેલા રહેતા. શ્યામદાસને દર્શન આપવા કોઈના કોઈ બહાને શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ શ્યામદાસના ઘેર પધારતા. કલાક–દોઢ કલાક બિરાજતા. પરસ્પરને એક–બીજા પ્રત્યે અલૌકિક આસક્તિ હતી. શ્રીમહાપ્રભુજી પણ સ્વગૃહે બિરાજતા હોય ત્યારે શ્યામદાસનું સ્મરણ કરતા. વારંવાર વૈષ્ણવોને શ્યામદાસના સમાચાર પૂછતા. વૈષ્ણવોને શ્યામદાસની ખબર લેવા પણ મોકલતા.

એક દિવસ શ્રીમહાપ્રભુજીનાં માતાજી ઇલમ્માગારુજીએ શ્રીમહાપ્રભુજીને કહ્યું : 'વલ્લભ, તમે શ્યામદાસના ઘેર વારંવાર પધારો છો, તેની ટીકા આપણી જ્ઞાતિમાં, વૈષ્ણવ સમાજમાં અને આખા મહેલમાં થાય છે. લોકાપવાદથી બચવું જોઈએ. તમે જે કરો છો તે લોકનજરે ઠીક નથી.'

શ્રીમહાપ્રભુજીએ કહ્યું : 'ભલે, આજથી હું તેવું નહિ કરું.'

શ્રીમહાપ્રભુજીએ શ્યામદાસને પોતાના અધરામૃતનું પાન કરાવ્યું. તેથી શ્યામદાસમાં શ્રીમહાપ્રભુજી માટે જે બાહ્ય આસક્તિ હતી તે આસક્તિ અંતરંગ થઈ ગઈ. તેમને સ્વરૂપાનંદનો અનુભવ થયો. તેમના અંતઃકરણનાં ચક્ષુ ખુલી ગયાં. હવે તેમને નેત્રોદ્વારા શ્રીમહાપ્રભુજીનાં દર્શનની પણ અપેક્ષા રહી નહિ. તેઓ શ્રીવલ્લભના સ્વરૂપાનંદમાં ચોવીસે કલાક મગ્ન રહેવા લાગ્યા. કેવળ એકવાર સવારે શ્રીમહાપ્રભુજીનો ચરણસ્પર્શ કરવા આવે. ચરણસ્પર્શ કરી, ઘેર પાછા જાય. શ્રીમહાપ્રભુજી હવે તેમના ઘેર પધારતા નથી.



આમ કરતાં કરતાં શ્યામદાસનાં માતાપિતા હરિશરણ થયાં. શ્યામદાસ બહારથી સ્વસ્થ બન્યા હતા. તેઓ શ્રીહરિ–ગુરુ–વૈષ્ણવની સેવા કરવા તત્પર થયા. બાપીકો ધંધો હસ્તગત કર્યો. વૈષ્ણવોની ટહેલ માટે તેમને જરૂરી લાકડાની સાધનસામગ્રી બનાવી દેવા લાગ્યા. કોઈ પાસેથી મજૂરીના પૈસા લે નહિ. ભાવથી વૈષ્ણવોની સેવા કરે. શ્રીમહાપ્રભુજીના ત્યાં પણ લાકડાની જે સાધનસામગ્રીની જરૂર હોય તે બનાવી દે છે. તેમના બનાવેલા પાટલા પર બિરાજી શ્રીમહાપ્રભુજી ભોજન કરે. તેમની બનાવેલી શય્યા પર શ્રીમહાપ્રભુજી પોઢે.

શ્રીમહાપ્રભુજીને ત્રીજી વખત અડેલમાં ભગવદ્ આજ્ઞા થઈ કે હવે આપ નિત્યલીલામાં પાછા પધારો. શ્રીમહાપ્રભુજીએ કાશી જઈ, ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવાની તૈયારી કરી. આપ અડેલ છોડી કાશી પધાર્યા, તે સમયે શ્યામદાસ દર્શન કરવા આવ્યા. શ્રીમહાપ્રભુજી કાશીના માર્ગે પધારતાં જ્યાંસુધી દર્શન થયાં ત્યાંસુધી કર્યા. જેવાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં અટકી ગયાં કે શ્યામદાસનો પ્રાણ અતિ ઉગ્ર વિરહાગ્નિથી છૂટી ગયો. શ્યામદાસજીની નિત્યલીલામાં પ્રાપ્તિ થઈ.

બીજી બાજુ કેટલાક વૈષ્ણવો દોડતા શ્રીમહાપ્રભુજી પાસે ગયા. હકીકત કહી. શ્રીમહાપ્રભુજીએ પોણો કલાકસુધી વૈષ્ણવોને શ્યામદાસના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી : 'આવા ભગવદીયને આમ જ થવું યોગ્ય છે. હવે તો શ્યામદાસ વિના અમે પણ ભૂતળ ઉપર રહીશું નહિ!'

# ખૂલ્યો ખજાનો પરમાત્માનો-૭

ડો. બી. જે. જાગાણી

પરમાત્માની લીલા અપરંપાર છે, સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગતનાં રહસ્યો માનવ પામવા મથામણ કરે છે. સ્થૂળ જગતનાં રહસ્યો સ્થૂળ આંખે ને સ્થૂળ શરીરે જોઇ શકાય છે, પણ સૂક્ષ્મ જગતનાં રહસ્યો સ્થૂળ શરીરે જોઇ શકાતાં નથી. એ માટે સૂક્ષ્મ જગતના અનુભવીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી હકીકતો જ્યારે જાણવામાં આવે છે ત્યારે ખ્યાલ આવે છે કે પરમાત્માનો ખજાનો ઘણો રહસ્યમય અને વૈવિધ્યપૂર્ણ છે. સને ૧૯૩૧ ના એપ્રિલથી જુલાઇ માસ દરમ્યાન સ્વર્ગસ્થ શ્રીમતી દુર્ગા મથરાણીએ પોતાના પતિના માધ્યમદ્વારા જે સંદેશાઓ લખેલ તેમાંથી ચૂંટી કાઢીને સૂક્ષ્મ જગતની હકીકતો અહીં રજૂ કરીએ છીએ.

### આ સ્વર્ગ સાથે સંલગ્ન ગ્રહો

પૃથ્વીના સૂર્યમંડળના ગુરુ અને મંગળ સિવાયના બધા ગ્રહોનું નિયંત્રણ આ સ્વર્ગવડે થાય છે. આ બધા ગ્રહો ઉપર જેમના કલ્યાણની કામગીરી આ સ્વર્ગનું એક ખાતું સંભાળે છે એવા આત્માઓનાં ઘરો આવેલાં છે.

પૃથ્વી પર ખગોળશાસ્ત્રીઓને જાણ નથી એવું નાનું બીજું સૂર્યમંડળ અસ્તિત્વ ધરાવે છે. તેનું નિયંત્રણ પણ આ સ્વર્ગમાંથી જ થાય છે. આ સૂર્યમંડળના ગ્રહો ઉપર ઉતરતી કોટિના જીવો વસે છે. પરંતુ આ ગ્રહો ઉપર પર્વતો કે નદીઓ નથી. માત્ર કેટલાક ઝરા છે જેનો ઉપયોગ આ જીવો કરે છે. જે ઘટાદાર વૃક્ષો



નીચે તેઓ વાસ કરે છે તેમને ઉગાડવા માટે આ જીવો ઝરાઓના પાણીનો ઉપયોગ કરે છે. તેઓ માત્ર શારીરિક શક્તિ ધરાવે છે, માનસિક કે નૈતિક ગુણો કે શક્તિઓ ધરાવતાં નથી. આ ઉતરતી કોટિના જીવો તેઓની ઉત્ક્રાંતિ આગળ વિકાસમાં પ્રથમ ગુરુ અને મંગળ ઉપર જન્મે છે અને પાછળથી વધુ વિકાસ માટે માનવ-જીવનવાળી પૃથ્વી પર જન્મે છે. પૃથ્વી પર જન્મે છે ત્યારે શારીરિક રીતે મજબૂત હોય છે પણ માનસિક રીતે અલ્પવિકસિત હોય છે. આ રીતે તેઓ સશક્ત શરીર ધરાવતા, બિનકેળવાયેલ કામદારો ને મજૂરોની વસતિમાં વધારો કરે છે. પરંતુ પૃથ્વી પરના બુદ્ધિશાળી, સંસ્કારી ને કેળવાયેલા લોકોમાં કોઇ વધારો કરતા નથી. પૃથ્વી પર ફરી જન્મવાનો તેમને એ ફાયદો મળે છે કે તેઓ સારા માણસોના સંસર્ગમાં આવી શકે છે, જેને લીધે તેઓ માન-સિક ને બૌદ્ધિક વિકાસ સાધવાની પ્રેરણા જગાવી શકે.

### આધ્યાત્મિક પ્રકાશનું અવતરણ

આ સ્વર્ગમાં એક સ્થાન છે. જ્યાં ઉપલાં સ્વર્ગમાંથી આવતો આધ્યાત્મિક પ્રકાશ નીચે આવે છે. અને આ સ્વર્ગની બધી જ દિશાઓમાં ફેલાય છે. ત્રીજા સ્વર્ગમાં નીચે પણ તે પ્રસરે છે. આ પ્રકાશનો ઉપયોગ મોટાભાગનાં બગીચા અને ખીણો સંભાળતા દેવદૂતો, તેમના ફૂલો, વૃક્ષો તેમ જ બીજાં પ્રાકૃતિક સૌંદર્યવાળાં સ્થળોમાં દાખલ કરી, તેમને વધુ પ્રકાશિત કરવા માટે કરે છે. આમ કરવા પાછળનો તેમનો હેતુ આ વસ્તુઓ તરફ જ્યારે દેવ-દૂતો જુએ ત્યારે તેમને આકર્ષણ થાય અને તેમનું ધ્યાન ત્યાં ચોંટે.

### દિવ્ય દર્શનો

મુખ્ય દેવળના મધ્યસ્થ ખંડમાં, કેટલાંક ઉત્સવના પ્રસંગોએ સ્વયં ભગવાન આવીને અભિવ્યક્ત થાય છે. ગંધર્વો અને ઉચ્ચ

વિકાસ સાધેલા આ સ્વર્ગના દેવદૂતો વારંવાર ને ઉત્કટતાપૂર્વક પ્રભુને દર્શન આપવા પ્રાર્થનાઓ કરે છે. એમની પ્રાર્થનાઓના પ્રત્યુત્તરરૂપે ભગવાન પોતે કેટલાંક પ્રસંગોએ દર્શન આપે છે. નીચલી કોટિના આ સ્વર્ગના દેવદૂતો પણ ભગવાનના દિવ્ય સ્વરૂપનું દર્શન આવા પ્રસંગોએ, બીજા ગંધર્વો કે ઉચ્ચ આધ્યાત્મિક પ્રતિભા ધરાવતા દેવદૂતોની મદદથી કરી શકે છે. ઈશ્વરના સ્વરૂપનું દર્શન તેઓ કરી શકે તે માટે તેમના દિવ્ય ચક્ષુઓનું દાન તેઓ કરતા હોય છે.

ઐતિહાસિક દિવ્ય અવતારો તથા પયગંબરોના જન્મદિવસોના પ્રસંગે પણ આવાં દિવ્ય દર્શનો યોજાય છે. આ દિવસે તેઓ સ્વર્ગમાંથી નીચે ઉતરી આવે છે. જેથી કરીને તેમના અનુયાયીઓ ને ભક્તો તેમના પ્રત્યક્ષ દર્શન કરી શકે. આ રીતે તેમનાં અંતઃકરણ આત્મિક આનંદ ને પ્રેમથી પૂર્ણ બને.

### ભગવાનની કરુણા–ધારાઓ

આ સ્વર્ગ માટે ભગવાનની કરુણા–ધારાઓ વહે છે. આ સ્વર્ગમાં એક ખંડ છે. જ્યાં ભગવાનની કરુણાની ધારાઓ ઉતરે છે તે ઝીલવામાં આવે છે અને ત્યાંથી ચોથા સ્વર્ગમાં અને નીચલા સ્વર્ગોમાં તેને પહોંચાડવામાં આવે છે. આ હોલમાંના દેવદૂતો ભગવાનની આ કરુણા ધારાઓનો વિવિધ યોજનાઓ અને દૃશ્યો માટે ઉપયોગ કરવામાં ગૂંથાયેલા રહે છે. આનાથી દેવદૂતો પ્રેમપૂર્ણ બનવાને શક્તિમાન થાય છે. બગીચાનાં પુષ્પો, વૃક્ષો તેમ જ ફૂવારાઓ ભગવાનના પ્રેમના પ્રવાહો જ આવિર્ભૂત કરે છે. આ જોઈને પ્રભુના પ્રેમથી ઉન્મત્ત બનાય છે.

### પાંચમું સ્વર્ગ : પ્રવેશ લાયકાત

આ સ્વર્ગમાં પ્રવેશવાની લાયકાત એ છે કે પૃથ્વી પરના



જીવનને સંપૂર્ણ રીતે ભૂલી જવામાં આવ્યું હોય. સર્વશક્તિમાન પ્રભુના પ્રેમમાં જીવ એટલો બધો મગ્ન બન્યો હોય કે બીજી કોઈ વસ્તુને યાદ કરવાનો ભાગ્યે જ સમય મળે. પરમાત્મા પ્રત્યેના પ્રેમના આવેગમાં પોતાની જાતને ભૂલી જનાર ચોથા સ્વર્ગના દેવદૂતોને પાંચમાં સ્વર્ગમાં મોકલવામાં આવે છે. આ દેવદૂતો પાંચમાં સ્વર્ગમાં ઈશ્વરના પ્રેમના નશામાં આનંદ માની તૃપ્તિ અનુભવે છે. આ સ્વર્ગ ફક્ત સર્વશક્તિમાન પ્રભુના પ્રેમ માટે જ છે. ઈશ્વરના કોઈ અવતાર કે પોતાના કોઈ ઈષ્ટદેવના સ્વરૂપમાં ઈશ્વરને ભજવાનો આધ્યાત્મિક તબક્કો જેઓ વટાવી ગયા છે એવા ચોથા સ્વર્ગના દેવદૂતોને અહીં બદલવામાં આવે છે.

### પ્રત્યેક સ્વર્ગમાં પ્રેમનું ક્રમશઃ ઉર્ધ્વીકરણ

જીવને પ્રેમનું ઉર્ધ્વીકરણની તાલીમ પ્રથમ સ્વર્ગથી માંડીને છેલ્લા સ્વર્ગ સુધીના વાસ દરમ્યાન આપવામાં આવે છે. ૧. પહેલાં સ્વર્ગમાંનો પ્રેમ પૃથ્વી પરના માનવોના પ્રેમના સ્વરૂપને મળતો આવે છે. એટલે કે પોતાના કુટુંબીઓ, મિત્રો કે સમાજના ભાઈઓ પૂરતો મર્યાદિત વિસ્તારવાળો હોય છે. ૨. બીજા સ્વર્ગમાંનો પ્રેમ પૃથ્વી પરના બધા જ માનવોની નિઃસ્વાર્થ સેવામાં પરિણમે છે, કારણ કે બીજા સ્વર્ગના દેવદૂતોને પૃથ્વી પર કોઈ પણ માનવ કે માનવોને મદદરૂપ થવાનું ગમે છે. ૩. ત્રીજા સ્વર્ગમાં પ્રેમ વધુ શુદ્ધ થઈને નીચલી કોટિના દેવદૂતો, નરકમાં સબડતા આત્માઓ, તેમ જ પૃથ્વી પરના માનવોને આવરી લે છે. ૪. ચોથા સ્વર્ગમાં, દેવદૂતો ઉતરતી કોટિના દેવદૂતો, અંધકારમય નરકના જીવોને પૃથ્વી પરના માનવોને મદદરૂપ થાય છે. આ ઉપરાંત તેઓ પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની ગાઢ ભક્તિને પણ વિકસાવે છે. ૫. પાંચમા સ્વર્ગમાં, કેવળ સર્વ શક્તિમાન પ્રભુ પ્રત્યેનો પ્રેમ એ જ બધા

દેવદૂતોનો વિશિષ્ટ ગુણ બની રહે છે. બધા સ્વર્ગમાં દેવદૂતો વચ્ચે સહકાર હોય છે એટલે ક્યાંય સંઘર્ષ જોવા મળતો નથી.

**દેવોની કામગીરી**

આ સ્વર્ગના પ્રત્યેક ખાતાની સંભાળ, ગંધર્વોથી ચઢિયાતા, દેવો રાખે છે. અમુક સમયના અંતરે નીચલા સ્વર્ગમાંના દેવો-માંથી તેમની પસંદગી કરવામાં આવે છે. દરેક દેવ પોતાનું ખાતું દેવદૂતોની મદદથી ચલાવે છે. અહીં દેવદૂતોને વસવાની ગોઠવણી કરી આપવાની જવાબદારી એક ખાસ દેવને સોંપવામાં આવે છે. આ સ્વર્ગમાં દેવદૂતોને રહેવા માટેના જે હોલ છે તે એટલા બધા વિશાળ છે કે તેમને જોતાં દિગ્મૂઢ થઇ જવાય છે. પ્રેમ જેમ જેમ વિસ્તરતો જાય તેમ તેમ રહેવાના હોલ પણ મોટા ને મોટા થતાં જાય છે. આ સ્વર્ગમાં વસતા દેવદૂતોના ઉત્કર્ષ માટે આવશ્યક એવા ફેરફારો કરવાની સૂચના પણ ઉપરથી આ દેવને આપવામાં આવી હોય છે.

(ક્રમશઃ)



# રામકથા

(એપ્રિલ–૧૯૯૯થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'હા. મેં એનો પહેલેથી જ વિરોધ કરેલો. મેં રામેને કહ્યું કે, તમારે માટે અનશનનો આધાર લેવો બરાબર નથી. તમારી પાસે ધનુષ્યબાણ છે એનો ઉપયોગ કરો. એ જ બરાબર છે. એ વિના સમુદ્ર માનશે નહિ. જડની પાસે કરેલી પ્રાર્થના તથા ભોગવેલી યાતના નકામી જાય છે ને લાચારી કે દીનતામાં ખપે છે. પણ રામે મારું માન્યું નહિ.' લક્ષ્મણે કહ્યું.

'હા. મેં એનું કહેવું ન માન્યું. મેં મારું અનશન આરંભી દીધું. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ. મારા અનશનને પૂરા ત્રણ દિવસ થઇ ગયા તોપણ સમુદ્ર એવો જ અચળ રહ્યો. એણે મારે માટે કોઈયે પ્રકારની લાગણી કે સહાનુભૂતિ ન બતાવી.'

'પછી?' સીતાએ કુતૂહલ બતાવ્યું.

'પછી મને લક્ષ્મણની વાત ઉચિત લાગી. શઠની આગળ શાંતિની વાત કરવી અને એની પાસેથી શુભની આશા રાખવી તદ્દન નિરર્થક છે, એવી ખાતરી થતાં મેં આસનનો ત્યાગ કરીને સમુદ્રને શોષી લેવાના સંકલ્પથી ધનુષ્ય પર બાણ ચઢાવ્યું.'

'મને બાણ મારવા તૈયાર થયેલો જોઇને સમુદ્ર ખળભળી ઊઠ્યો, બેચેન બની ગયો, ગભરાઇ ગયો, અને દંડના ડરથી મને પ્રસન્ન કરવા માટે અનેક અનેક અમુલખ ઉપહાર લઇને મારી આગળ આવીને ઊભો રહ્યો.'

'એણે મારી ક્ષમા માગી એટલે મેં એને નિશ્ચિત કર્યો.'

'એ પછી એણે મને ઉપાય બતાવ્યો. એણે આપેલી માહિતી પરથી ખબર પડી કે વાનરસેનામાં જે મહાપરાક્રમી નલ અને નીલ છે તેમનામાં ઋષિના વરદાનને લીધે અસાધારણ શક્તિનો સમાવેશ થયેલો છે.'

'એ શક્તિ અને એની સાથે ભેગી થયેલી વાનરોની સેવા-ભાવના અને ભક્તિએ સમુદ્ર પર સેતુ બાંધવાનો મહાન ચમત્કાર કર્યો. વાનરયોદ્ધાઓ નાનામોટા પત્થરો લાવતા ગયા ને નલ તથા નીલ એમને સમુદ્ર પર મૂકીને સેતુની રચના કરવા લાગ્યા.'

'એ તો સાચેસાચ મહાન ચમત્કાર કહેવાય.' સીતા બોલી ઊઠી.

'એક જાતનો ચમત્કાર તો ખરો જ.' રામ બોલ્યા : 'પરંતુ મજબૂત મનોબળ અને સંઘશક્તિ આગળ કયો ચમત્કાર શક્ય નથી બનતો? નલ અને નીલને મળેલા વરદાનને લીધે પત્થરો પાણીમાં ડૂબતા જ ન હતા.'

'એક બીજી વાત. સેતુની રચના પહેલાં સમુદ્રના સુંદર તટ પર મેં ભગવાન શંકરની સ્થાપના કરી અને એમના આશીર્વાદ મેળવ્યા. એમના આશીર્વાદથી અમારું આગળનું કામ સરળ બની ગયું.'

સીતાએ ભગવાન શંકરના દર્શનની ઇચ્છા વ્યક્ત કરી, એટલે રામે વિમાનને નીચે ઉતારીને એ સ્થાન બતાવ્યું.

એ પછી ઋષ્યમૂક પર્વત પર વિશ્રામ કરવામાં આવ્યો.

(ક્રમશઃ)

## * અપાર શક્તિ ઈશ્વરસ્મરણમાં છે *

સંસારના વાતાવરણમાં હૃદયને શુદ્ધ કરી બનતું સાત્ત્વિક બનાવવા ને મનને સ્થિર રાખવા બનતા પ્રયાસ કરવા જોઈએ. આની સાથે સાથે ઈશ્વરસ્મરણ-ને જીવનમાં એક આવશ્યક ને નિયત સ્થાન આપવું જોઈએ. ઈશ્વરસ્મરણમાં અપાર શક્તિ રહેલી છે. તન અને મનનાં અનેક દરદોનું તે ઓસડ છે. પણ માણસો તેનો આશ્રય લેતા નથી. ઈશ્વરના નામમાં પ્રીતિ કરવાથી માણસ બળવાન બને છે, ને સંસારમાં પ્રલોભનો ને ભયસ્થાનો સામે ટકી રહેવાનું બળ મેળવે છે. ઈશ્વર સ્મરણ માનસિક સ્થિરતા ને એકાગ્રતા માટે ઉત્તમ રસાયન છે. મૂળ વાત એ છે કે તે અંતરના અંતરતમમાંથી થવું જોઈએ. ઈશ્વરસ્મરણ-ને જીવનની એક નક્કર આવશ્યકતા તરીકે સ્વીકારીને જીવનને તેથી રંગી દેવું જોઈએ. આ વિના જીવનમાં આનંદ નથી. પરમશાંતિની પ્રાપ્તિ પણ આ વિના થઈ શકવાની નથી. ભારતીય તત્ત્વજ્ઞાનનો આ મહત્ત્વનો દૃષ્ટિકોણ છે, સંદેશ છે.

યોગેશ્વરજી

44 265



# * ત્રણ ગુણથી સાધના *

જીવનનો વિકાસ મુખ્યત્ત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. સદ્‌વિચાર, સદ્‌ગુણ અને સારું વર્તન. સાધકમાં આ ત્રણે વસ્તુનો સુમેળ હોવો જરૂરી છે. તેણે ઉત્તમ વિચારથી સંપન્ન થવું જોઈએ. ને વિવેકની શક્તિ કેળવવી જોઈએ. સત્યાસત્યનો ભેદ કરતાં શીખવું જોઈએ. વળી ઉત્તમ ગુણની મૂર્તિ બનવું જોઈએ. ને જે જીવનને આદર્શ સમજે છે તે જીવનની મૂર્તિ બનવાનો પ્રયાસ કરવો જોઈએ. ઉત્તમ વિચારો સેવવામાં આવે એટલું જ પૂરતું નથી : તે વિચારો જીવન કે વર્તનમાં વણાઈ જવા કે ઓતપ્રોત બની જવા જોઈએ. જીવનનો સાચો આનંદ ત્યારે જ મળી શકે. સાધનાનો પ્રયોગ કરીને માણસ વિચાર ને વર્તનના અથવા આદર્શ ને વ્યવહારના કજોડાને દૂર કરે છે : બંને વચ્ચે એકતા સાધે છે.

યોગેશ્વરજી

○

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬/૮ બી. રદા ગર, ભાવનગર–૧.